GJRJ020014712004

કેસ રજુ    તા. ૦૩–૦૧–૨૦૦૪
કેસ દાખલ તા. ૦૩–૦૧–૨૦૦૪
કેસ ફેસલ  તા. ૨૨–૦૪–૨૦૨૬
સમયઅવધિ:વર્ષ : માસ : દિવસ

**ફોર્મ–એ.**

**મહે.૧૬ માં, એડી.ચીફ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની અદાલતમાં, મુ: રાજકોટ.**

**હુકમ તારીખ : ૨૨/૦૪/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૩૬ /૨૦૦૪**
**આંક:–૨૯૩**

**ગુન્હો :રાજકોટ શહેર ''એ'' ડીવીઝન પોલીસ સ્ટેશન ફ. ગુના રજીસ્ટર નં. ૪૨૪/૨૦૦૩**
**આઈ.પી.સી. કલમ–૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧,૩૪,૧૨૦ બી મુજબ**

| | |
|---|---|
| **ફરીયાદી.** | શ્રી સરકાર |
| | **ફરીયાદ પક્ષ તર્ફે** વિધ્વાન એ. પી. પી. શ્રી |
| | **વિરૂધ્ધ.** |
| **આરોપીઓ** | (૧)સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા,**(કબુલ)**<br>રહે. નારાયણનગર મેઈન રોડ, ડીડી<br>ટેકસટાઈલ સામે રણછોડનગર, રાજકોટ, તા.જી.રાજકોટ.<br>(૨) મહેશભાઈ મગનભાઈ ચાવડા,**(કબુલ)**<br>રહે. ગાંધીગ્રામ સોસાયટી શેરી નં.૬ ભોલા મકકાની<br>બાજુમાં,રાજકોટ, તા.જી.રાજકોટ.<br>(૩) જીવરાજભાઈ લાલજીભાઈ ડેલવાડીયા,**(કબુલ)**<br>રહે. ગાંધીગ્રામ લાભદીપ સોસાયટી, પરીશ્રમ સ્કુલ<br>વાળી શેરી,રાજકોટ, તા.જી.રાજકોટ.<br>(૪) રેખાબેન સુરેશભાઈ આસોડીયા,<br>રહે. નારાયણનગર મેઈન રોડ, ડી ડી<br>ટેકસટાઈલ સામે રણછોડ નગર, રાજકોટ, તા.જી.રાજકોટ. |
| | **આરોપી પક્ષ નં. ૪ તર્ફે** વિ. ટી એમ સાવંત |

## ફોર્મ–બી.

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૯–૦૯–૨૦૨૦ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૮/૧૦/૨૦૦૩ |
| ચાર્જશીટ કર્યાની તારીખ | ૦૮/૧૦/૨૦૦૩ |
| તહોમતનામાની તારીખ | ૧૩/૦૪/૦૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૪/૦૭/૨૦૦૯ |
| હુકમ અનામત રાખ્યાની તારીખ | ૨૦–૦૪–૨૦૨૬ |
| હુકમની તારીખ | ૨૨–૦૪–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ (જો કોઈ હોય તો) | –– |

## આરોપીની વિગતો.

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન મુકત કર્યાની તારીખ | ચાર્જ થયેલ ગુનાઓ | નિર્દોષ કે દોષિત | સજાનો હુકમ | ક્રિ. પ્રો. કો. કલમ–૪૨૮ મુજબ અટકાયત નો સમય ગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રેખાબેન સુરેશભાઈ આસોડીયા | ૧૦/૧૦/૨૦૦૩ | ૧૭/૦૨/૨૦૦૩ | આઇ.પી.સીની કલમ–૪૦૪, ૪૦૬,૪૧૯, ૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧, ૩૪, ૧૨૦ બી મુજબ | નિર્દોષ | ----- | |

## ફોર્મ–સી.

## ફરીયાદ પક્ષ/ બચાવ પક્ષ / અદાલતના સાક્ષીઓની યાદી.

### (એ) ફરીયાદ પક્ષનાં સાક્ષીઓની યાદી.

| ક્રમ | નામ | પુરાવાની વિગત. |
|---|---|---|
| **૭૨** | રાજેશભાઈ મુળજીભાઈ બારોટ | ફરીયાદી |
| **૧૯૪** | ભગવાન પ્રસાદ ગંગારામ દાણીધારીયા | સાહેદ |
| **૧૯૫** | મગનભાઈ માવજીભાઈ કછેટીયા | સાહેદ |
| **૧૯૬** | દિલીપભાઈ જયંતીભાઈ મીઠાણી | સાહેદ |
| **૨૦૨** | જાહીદભાઈ જમાલભાઈ | પંચસાહેદ |

| | | |
|---|---|---|
| **૨૧૧** | કમલેશભાઈ વશરામભાઈ | પંચસાહેદ |
| **૨૧૮** | હનીફભાઈ કાસમભાઈ | પંચસાહેદ |
| **૨૧૯** | મુકુંદરામ કાશીરામ દવે | સાહેદ |
| **૨૨૨** | જયેશભાઈ રવિશંકર વ્યાસ | પંચસાહેદ |
| **૨૨૪** | કરશનભાઈ સવાભાઈ ગમારા | સાહેદ |
| **૨૩૧** | ચંદ્રકાંત લાલજીભાઈ | સાહેદ |
| **૨૪૬** | ચંદ્રપાલ ગોરાભાઈ ખુમાણ | સાહેદ |
| **૨૪૬(એ)** | મહેશભાઈ શેવંતીલાલ શાહ | સાહેદ |
| **૨૬૦** | હિના જગદીશચંદ્ર ધકાણ | સાહેદ |
| **૨૬૪** | આબીદભાઈ મુરૂદીનભાઈ ભારમલ | સાહેદ |
| **૨૬૮** | ચૈતન્ય સુરેન્દ્રભાઈ એજારીયા | સાહેદ |
| **૨૭૬** | રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ગોહિલ | ત.ક.અ. |

**(બી) બચાવ પક્ષનાં સાક્ષીઓની યાદી.**

| **ક્રમ** | **નામ** | **પુરાવાની વિગત.** |
|---|---|---|
| | | |

**(સી) અદાલતનાં સાક્ષીઓની યાદી.**

| **ક્રમ** | **નામ** | **પુરાવાની વિગત.** |
|---|---|---|
| | | |

**(ડી) મટેરીયલ ઓબ્જેકટ.**

| **ક્રમ** | **દસ્તાવેજ આંક** | **પુરાવાની વિગત.** |
|---|---|---|
| **૯૯** | ફરીયાદ | ખરી નકલ |
| **૧૦૦** | પાવર ઓફ એટર્ની | અસલ |
| **૧૦૧** | એકનોલેજમેન્ટ | અસલ |
| **૧૦૨** | આરોપીઓની સહી વાળુ ફોર્મની ફાઈલ | અસલ |
| **૧૨૧** | ફરીયાદીનું દસ્તાવેજી પુરાવા લીસ્ટ | અસલ |
| **૧૩૫** | અસલ રીમાન્ડ પ્રોમીસરી નોટ | અસલ |
| **૧૩૬** | લોન એગ્રીમેન્ટ | અસલ |

| | | |
|---|---|---|
| **૧૩૭** | મિલકતની વેચાણ દસ્તાવેજની ઈન્ડેક્ષ | અસલ |
| **૧૩૭(એ)** | ગૃહ ફાઈનાન્સ લી.નો ટેકનીકલ રીપોર્ટ | અસલ |
| **૧૩૮** | ગૃહ ફાઈનાન્સ લી.નો ડીસ્બર્સમેન્ટ મેમો | ખરી નકલ |
| **૧૩૯** | ઓન ડીમાન્ડ પ્રોમોસરી નોટ | ખરી નકલ |
| **૧૪૦** | ખાસ મુખત્યારનામું | ખરી નકલ |
| **૧૪૧** | લોન એગ્રીમેન્ટ | ખરી નકલ |
| **૧૪૩ થી ૧૫૦** | એકાઉન્ટના સ્ટેટમેન્ટસ | ખરી નકલ |
| **૧૫૧** | ચેક વિતરણ અંગેનું લીસ્ટ | ખરી નકલ |
| **૨૦૩** | પંચનામું | ખરી નકલ |
| **૨૧૨** | પંચનામું | ખરી નકલ |
| **૨૨૦** | પંચનામું | ખરી નકલ |
| **૨૨૧** | ગૃહ ફાઈનાન્સનું અરજી ફોર્મ | ખરી નકલ |
| **૨૭૭** | ડેપ્યુટ હુકમ | ખરી નકલ |
| **૨૭૮** | બેંક મેનેજરને લખેલ પત્ર | ખરી નકલ |
| **૨૮૦** | એફ.એસ.એલ. માં મોકલેલ ચેક લીસ્ટ | ખરી નકલ |

## **-:: ચૂકાદો ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, ફરિયાદી શ્રી રાજેશભાઈ એમ.બારોટ બ્રાન્ચ મેનેજર ગૃહ ફાઈનાન્સ લિ.રાજકોટના ઓએ ફરિયાદ અરજી આપેલ છે કે,ગૃહ ફાઈનાન્સ લિ. મા આ કામના આરોપીઓ (૧) સુરેશ મોહનભાઈ આસોડીયા (૨)રેખાબેન સુરેશભાઈ આસોડીયા રહે.બન્ને નારણનગર મેઈન રોડ, રણછોડનગર રાજકોટના ઓએ દેવસી વેલજીભાઈ બોરડ કે જેઓ તા.૯/૬/૦૧ ના રોજ અવસાન પામેલ છે. તેના નામની રાજકોટ મ્યુની. રણછોડનગર વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૮૬ પૈકીના પ્લોટનંબર ૪ ની જમીન ચોરસ મીટર દીલીપકુમાર જયંતિલાલ મીઠાણી તથા ભગવતીપ્રસાદ ગંગારામ દાણીધારિયા ના નામે જામીન પત્ર તથા આ સુરભી કોમ્પ્લેક્ષની જમીનની ઉતરોત્તર

ની ફાઈલ રજુ કરવામા આવેલ છે. જે બાબતે ઉપરોકત નંબરથી ગુન્હો રજીસ્ટર થયેલ અને આગળની તપાસ કરતા આ કામના આરોપીઓ રાજકોટ શહેર'એ'ડીવી.પો.સ્ટે. i ગુ.ર.નં.૪૨૪/૨૦૦૩ આઈ.પી.સી.કલમ૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮, ૪૭૧, ૩૪,૧૨૦બી વિ.ના કામે જેલમા હોઈ નામદાર કોર્ટ મારફતે (૧)સુરેશ મોહનભાઈ આસોડીયા (૨) શૈલેષ લવજીભાઈ પટેલ (૩) મહેશ મગનલાલ ચાવડા (૪) જીવરાજ લાલજી દેવડીયા ૧૦૨ અનુ ક્રમે ખરીદનાર છે. તથા પોપટ ભાદા એ દેવસી વેલજીભાઈ બોરડને સુરભી કોમ્પ્લેક્ષ ના પ્લોટની વેચાણના ઉતરોત્તરના દસ્તાવેજ ની ફાઈલની ઝેરોક્ષ નકલો આ કામના આરોપી સુરેશ મોહન આસોડીયાની પાસે અગાઉ થી જ હોઈ તેણે આ ફાઈલનો ઉપયોગ કરેલ છે. અને શૈલેષ લવજીભાઈ પટેલે આપેલ નથી તેવુ તપાસમા જણાઈ આવેલ છે. એ રીતે આ કામે બેન્કમા પોપટ ભાદાએ દેવસી વેલજી બોરડને વેચાણ કરેલ સદરહુ પ્લોટની ઝેરોક્ષ ફાઈલ અગાઉથી જ સુરેશ મોહનભાઈ આસોડીયા પાસે હોઇ તેણે તે ફાઇલનો લોન લેવા માટે સદરહુ બેન્કમાં રજુ કરી ભારતીય દંડ સહિંતાની કલમ-૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭, ૪૬૮, ૪૭૧,૩૪,૧૨૦ (બી) મુજબનો ગુન્હો કરેલ હોવાનું જણાઈ આવતા, હે.બધા રાજકોટ વાળાઓને તા.૧૦/૧૦/૦૩ ના રોજ જિલ્લા જેલ માથી ટ્રાન્સફર વોરંટ ના આધારે કબ્જો સંભાળી કલાક ૧૮/૩૦ વાગ્યે ઉપરોકત ગુન્હાના કામે અટક કરેલ છે અને તા.૧૩/૧૦/૦૩ ના કલાક ૧૭/૦૦ વાગ્યા સુધી પોલીસ રીમાન્ડ ઉપર મેળવેલ હતા તે દરમ્યાન તપાસ કરતા આ કામે રજીસ્ટ્રાર સમક્ષ વેચાણ દસ્તાવેજ થયેલ છે. તે બન્ને વેચાણ દસ્તાવેજોમાં દેવસી વેલજીભાઈ બોરડ તરીકે જીવરાજ લાલજીભાઈ દેવળીયા હાજર રહી તેણે દેવસી વેલજીભાઈ તરીકેની ઓળખાણ આપી દેવસી વેલજીભાઈ બોરડની બનાવટી સહી કરેલ છે તથા સુરેશ મોહનભાઈ આસોડીયા તથા રેખાબેન સુરેશભાઈ આસોડીયા ફલેટ નં.બી૧૦૧ તથા બી૧૦૨ અનુ ક્રમે ખરીદનાર છે. તથા પોપટ

ભાદા એ દેવસી વેલજીભાઈ બોરડને સુરભી કોમ્પ્લેક્ષ ના પ્લોટની વેચાણના ઉતરોત્તરના દસ્તાવેજ ની ફાઈલની ઝેરોક્ષ નકલો આ કામના આરોપી સુરેશ મોહન આસોડીયાની પાસે અગાઉ થી જ હોઈ તેણે આ ફાઈલનો ઉપયોગ કરેલ છે. અને શૈલેષ લવજીભાઈ પટેલે આપેલ નથી તેવુ તપાસમા જણાઈ આવેલ છે. એ રીતે આ કામે બેન્કમા પોપટ ભાદાએ દેવસી વેલજી બોરડને વેચાણ કરેલ સદરહુ પ્લોટની ઝેરોક્ષ ફાઈલ અગાઉથીજ સુરેશ મોહનભાઈ આસોડીયા પાસે હોઈ તેણે તે ફાઇલનો લોન લેવા માટે સદરહુ બેન્કમાં રજુ કરેલ ભારતીય દંડ સહિંતાની કલમ–૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭, ૪૬૮,૪૭૧,૩૪,૧૨૦(બી)ર ૨૩૫–૫૪ ઉપર બાંધવામા આવેલ 'સુરભી'કોમ્પ્લેક્ષના ફલેટનં.બી૧૦૧ તથા બી ૧૦૨ના કે જેમા દેવસી વેલજીભાઈ બોરડ વેચનાર તથા લેનાર સુરેશ મોહનભાઈ આસોડીયા તથા રેખાબેન સુરેશભાઈ ના નામે તા. ૧૮/૨/૦૩ ના રોજ રાજકોટ કલેકટર કચેરીમાં રાજીસ્ટાર સમક્ષ વેચાણ દસ્તાવેજ રજી.નં.૬૯૧/૦૩ તથા ૬૯૨/૦૩ થી રજીસ્ટર કરાવી તે તથા ઈન્કમ ટેક્ષને લગતા ફોર્મ રજુ કરી કુલ રૂપિયા દશ લાખ (૧૦,૦૦,૦૦૦) ની લોન સંયુકત નામે મેળવેલ છે. જેમાં દીલીપકુમાર જયંતિલાલ મીઠાણી તથા ભગવતીપ્રસાદ ગંગારામ દાણીધારિયા ના નામે જામીન પત્ર તથા આ સુરભી કોમ્પ્લેક્ષની જમીનની ઉતરોત્તર ની ફાઈલ રજુ કરવામા આવેલ છે. જે બાબતે ઉપરોકત નંબરથી ગુન્હો રજીસ્ટર થયેલ અને આગળની તપાસ કરતા આ કામના આરોપીઓ 'એ'ડીવી.પો.સ્ટે. i ગુ.ર.નં. ૩૫૧/૦૩ આઈ.પી.સી.કલમ ૪૨૦,૪૯૭, ૪૭૧,૧૨૦બી વિ.ના કામે જેલમા હોઈ નામદાર કોર્ટ મારફતે (૧)સુરેશ મોહનભાઈ આસોડીયા (૨) શૈલેષ લવજીભાઈ પટેલ (૩) મહેશ મગનલાલ ચાવડા (૪) જીવરાજ લાલજી દેવડીયા બી ૧૦૨ અનુ ક્રમે ખરીદનાર છે. તથા પોપટ ભાદા એ દેવસી વેલજીભાઈ બોરડને સુરભી કોમ્પ્લેક્ષ ના પ્લોટની વેચાણના ઉતરોત્તરના દસ્તાવેજ ની ફાઈલની ઝેરોક્ષ નકલો આ કામના આરોપી સુરેશ મોહન

આસોડીયાની પાસે અગાઉ થી જ હોઈ તેણે આ ફાઈલનો ઉપયોગ કરેલ છે. અને શૈલેષ લવજીભાઈ પટેલે આપેલ નથી તેવુ તપાસમા જણાઈ આવેલ છે. એ રીતે આ કામે બેન્કમા પોપટ ભાદાએ દેવસી વેલજી બોરડને વેચાણ કરેલ સદરહુ પ્લોટની ઝેરોક્ષ ફાઈલ અગાઉથીજ સુરેશ મોહનભાઈ આસોડીયાપાસે હોઇ તેણે તે ફાઇલનો લોન લેવા માટે સદરહુ બેન્કમાં રજુ કરેલ ભારતીય દંડ સહિંતાની કલમ-૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮, ૪૭૧,૩૪, ૧૨૦(બ ી) મુજબનો ગુન્હો કરેલ હોવાનું જણાઈ આવતા, હે.બધા રાજકોટ વાળાઓને તા.૧૦/૧૦/૦૩ ના રોજ જિલ્લા જેલ માથી ટ્રાન્સફર વોરંટ ના આધારે કબ્જો સંભાળી કલાક ૧૮/૩૦ વાગ્યે ઉપરોકત ગુન્હાના કામે અટક કરેલ છે અને તા.૧૩/૧૦/૦૩ ના કલાક ૧૭/૦૦ વાગ્યા સુધી પોલીસ રીમાન્ડ ઉપર મેળવેલ હતા તે દરમ્યાન તપાસ કરતા આ કામે રજીસ્ટ્રાર સમક્ષ વેચાણ દસ્તાવેજ થયેલ છે. તે બન્ને વેચાણ દસ્તાવેજોમાં દેવસી વેલજીભાઈ બોરડ તરીકે જીવરાજ લાલજીભાઈ દેવળીયા હાજર રહી તેણે દેવસી વેલજીભાઈ તરીકેની ઓળખાણ આપી દેવસી વેલજીભાઈ બોરડની બનાવટી સહી કરેલ છે તથા સુરેશ મોહનભાઈ આસોડીયા તથા રેખાબેન સુરેશભાઈ આસોડીયા ફ્લેટ નં.બી૧૦૧ તથા બી૧૦૨ અનુ ક્રમે ખરીદનાર છે. તથા પોપટ ભાદા એ દેવસી વેલજીભાઈ બોરડને સુરભી કોમ્પ્લેક્ષ ના પ્લોટની વેચાણના ઉતરોત્તરના દસ્તાવેજ ની ફાઈલની ઝેરોક્ષ નકલો આ કામના આરોપી સુરેશ મોહન આસોડીયાની પાસે અગાઉ થી જ હોઈ તેણે આ ફાઈલનો ઉપયોગ કરેલ છે. અને શૈલેષ લવજીભાઈ પટેલે આપેલ નથી તેવુ તપાસમા જણાઈ આવેલ છે. એ રીતે આ કામે બેન્કમા પોપટ ભાદાએ દેવસી વેલજી બોરડને વેચાણ કરેલ સદરહુ પ્લોટની ઝેરોક્ષ ફાઈલ અગાઉથીજ સુરેશ મોહનભાઈ આસોડીયા પાસે હોઇ તેણે તે ફાઇલનો લોન લેવા માટે સદરહુ બેન્કમાં રજુ કરેલ ભારતીય દં ડ સહિંતાની કલમ-૪૦૪,૪૦૬, ૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧ ,૩૪,૧૨૦ (બી) મુજબનો ગુન્હો કરેલ હોવાનું જણાઈ આવતા,

જેથી સદરહું બનાવ બાબતેની ફરીયાદીએ ફરીયાદ આપેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદરહુ કામે આરોપીઓને સમન્સ ઈશ્યુ કરવામાં આવતા જે બજી જતાં આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર થતા આરોપીઓને પોલીસ પેપર્સ તથા ચાર્જશીટની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરૂઘ્ધ આંક:૫૧ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને તે અન્વયે આંક:૫ર થી આંક:૫૫ આરોપીઓની પ્લી લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ સદર ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી સદરહુ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**ત્યારબાદ સદર કામમાં આરોપી નં.૧ થી ૩ નાઓને મારા પુરોગામી સાહેબ સમક્ષ આંક–ર૭૦ થી પુરશીશ રજુ રાખી ગુનો કબુલ કરેલ હોય મારા પુરોગામી સાહેબશ્રી દવારા આરોપી નં.૧ થી ૩ નાઓને તા.૩૦/૦૮/ર૦૦૮ ના રોજ સાડા ચાર વર્ષની સજાનો હુકમ કરવામાં આવે છે. ત્યારબાદ આરોપી નં.૪ રેખાબેન સુરેશભાઈ આસોડીયા વિરૂઘ્ધ કેસ આગળ ચલાવવામાં આવે છે.**

(૩) ફરીયાદ પક્ષે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદ પક્ષનો રેકર્ડ ઉપરનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા આ કામના આરોપી નં.૪ વિરૂઘ્ધ પુરાવો જણાતો હોઈ, આરોપીનુ સી. આર. પી. સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે.

(૩.૧) આ કામે ફરીયાદ પક્ષે એ. પી. પી. શ્રીની તરફે દલીલ કરીને જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી પુર્વ આયોજીત કાવતરુ રચી ગૃહ ફાઈનાન્સ લિ. મા આ કામના આરોપીઓ (૧) સુરેશ મોહનભાઈ આસોડીયા (૨)રેખાબેન સુરેશભાઈ આસોડીયા રહે.બન્ને નારણનગર મેઈન રોડ, રણછોડનગર રાજકોટના ઓએ દેવસી વેલજીભાઈ બોરડ કે જેઓ

તા.૯/૬/૦૧ ના રોજ અવસાન પામેલ છે. તેના નામની રાજકોટ મ્યુની. રણછોડનગર વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૮૬ પૈકીના પ્લોટનંબર ૪ ની જમીન ચોરસ મીટર ૨૩૫-૫૪ ઉપર બાંધવામા આવેલ 'સુરભી'કોમ્પ્લેક્ષના ફલેટનં.બી૧૦૧ તથા બી ૧૦૨ના કે જેમા દેવસી વેલજીભાઈ બોરડ વેચનાર તથા લેનાર સુરેશ મોહનભાઈ આસોડીયા તથા રેખાબેન સુરેશભાઈ ના નામે તા. ૧૮/૨/૦૩ ના રોજ રાજકોટ કલેકટર કચેરીમાં રાજીસ્ટાર સમક્ષ વેચાણ દસ્તાવેજ રજી.નં.૬૯૧/૦૩ તથા ૬૯૨/૦૩ થી રજીસ્ટર કરાવી તે તથા ઈન્કમ ટેક્ષને લગતા ફોર્મ રજુ કરી કુલ રૂા.દશ લાખ (૧૦,૦૦,૦૦૦) ની લોન સંયુકત નામે મેળવેલ છે. જેમાં દીલીપકુમાર જયંતિલાલ મીઠાણી તથા ભગવતીપ્રસાદ ગંગારામ દાણીધારિયા ના નામે જામીન પત્ર તથા આ સુરભી કોમ્પ્લેક્ષની જમીનની ઉતરોત્તર ની ફાઈલ રજુ કરવામા આવેલ છે. જે બાબતે ઉપરોકત નંબરથી ગુન્હો રજીસ્ટર થયેલ અને આગળની તપાસ કરતા આ કામના આરોપીઓ 'એ'ડીવી.પો.સ્ટે. i ગુ.ર. નં.૩૫૧/૦૩ આઈ.પી.સી.કલમ – ૪૨૦,૪૬૭,૪૭૧, ૧૨૦બી વિ.ના કામે જેલમા હોઈ નામદાર કોર્ટ મારફતે (૧)સુરેશ મોહનભાઈ આસોડીયા (૨) શૈલેષ લવજીભાઈ પટેલ (૩) મહેશ મગનલાલ ચાવડા (૪) જીવરાજ લાલજી દેવડીયા રહે.બધા રાજકોટ વાળાઓને તા.૧૦/૧૦/૦૩ ના રોજ જિલ્લા જેલ માથી ટ્રાન્સફર વોરંટ ના આધારે કબ્જો સંભાળી કલાક ૧૮/૩૦ વાગ્યે ઉપરોકત ગુન્હાના કામે અટક કરેલ છે અને તા.૧૩/૧૦/૦૩ ના કલાક ૧૭/૦૦ વાગ્યા સુધી પોલીસ રીમાન્ડ ઉપર મેળવેલ હતા તે દરમ્યાન તપાસ કરતા આ કામે રજીસ્ટ્રાર સમક્ષ વેચાણ દસ્તાવેજ થયેલ છે. તે બન્ને વેચાણ દસ્તાવેજોમાં દેવસી વેલજીભાઈ બોરડ તરીકે જીવરાજ લાલજીભાઈ દેવળીયા હાજર રહી તેણે દેવસી વેલજીભાઈ તરીકેની ઓળખાણ આપી દેવસી વેલજીભાઈ બોરડની બનાવટી સહી કરેલ છે તથા સુરેશ મોહનભાઈ આસોડીયા તથા રેખાબેન સુરેશભાઈ આસોડીયા ફલેટ નં.બી૧૦૧ તથા બી૧૦૨ અનુ ક્રમે ખરીદનાર છે. તથા પોપટ ભાદા એ દેવસી વેલજીભાઈ

બોરડને સુરભી કોમ્પ્લેક્ષ ના પ્લોટની વેચાણના ઉતરોત્તરના દસ્તાવેજ ની ફાઈલની ઝેરોક્ષ નકલો આ કામના આરોપી સુરેશ મોહન આસોડીયાની પાસે અગાઉ થી જ હોઈ તેણે આ ફાઈલનો ઉપયોગ કરેલ છે. અને શૈલેષ લવજીભાઈ પટેલે આપેલ નથી તેવુ તપાસમા જણાઈ આવેલ છે. એ રીતે આ કામે બેન્કમા પોપટ ભાદાએ દેવસી વેલજી બોરડને વેચાણ કરેલ સદરહુ પ્લોટની ઝેરોક્ષ ફાઈલ અગાઉથીજ સુરેશ મોહનભાઈ આસોડીયા પાસે હોઈ તેણે તે ફાઈલનો લોન લેવા માટે સદરહુ બેન્કમાં રજુ કરેલ ભારતીય દંડ સહિંતાની કલમ-૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧ ,૩૪,૧૨૦(બી) મુજબનો ગુન્હો કરેલ છે. જે તમામ હકિકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલી છે સદર કામે ફરીયાદીએ તેમની જુબાનીમાં તમામ હકિકત જણાવેલ છે. વધુમાં, સાહેદોએ પણ ફરીયાદીની હકિકતને સમર્થન આપેલ છે. આરોપી નં.૪ ના સહીના નમુના એફ.એસ.એલ.માટે લેવામાં આવેલા તે નમુના પણ બનાવટી દસ્તાવેજો સાથે મેચ થાય છે. આરોપીએ કરેલ ગુનો ફરીયાદપક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી નિ:શંક પણે પુરવાર કરેલ હોય આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી સખત સજા કરવા દલીલ કરેલ છે.

સદર કામે આરોપીના વિ.વ.શ્રીએ દલીલ કરીને જણાવેલ છે કે, ગુનો આરોપી નં.૧ થી ૩ નાઓએ કરેલ છે અને તેઓએ ગુનો કબુલ કરી લીધેલ છે આરોપી નં.૪ નો હાલના ગુનામાં કોઈ રોલ નથી, આરોપી નં.૪ નાએ કોઈ ફ્રોડ દસ્તાવેજ બનાવેલા હોય અને રજુ કરેલા હોય તેવો કોઈ પુરાવો નથી, આરોપી નં.૪ બેંકમાં લોન લેવા ઈન્કવાયરી કરવા ગયેલ નથી, કે આરોપી નં.૪ જાતે કોઈ દસ્તાવેજો રજુ કરેલા નથી, ફ્રોડ દસ્તાવેજમાં આરોપીની સહી મેચ થતી નથી, આરોપીની માત્ર બેંકના લોન અરજી ફોર્મ સાથે સહી મેચ થાય છે કોઈ ફ્રોડ દસ્તાવેજ આરોપીએ બનાવેલ નથી કે રજુ કરેલ નથી જે ઈસમ ગુજરી ગયેલાનો ફરીયાદપક્ષનો કેસ છે તે ઈસમ ગુજરી ગયેલાનું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તેમજ મરણનો દાખલો પણ રજુ કરેલ નથી. હાલના આરોપીનો ગુનામાં કોઈ રોલ નથી

ફરીયાદપક્ષે હાલના આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરેલ ન હોય આરોપી નં.૪ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૪) સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદી શ્રી રાજેશભાઈ એમ.બારોટ બ્રાન્ચ મેનેજર ગૃહ ફાઈનાન્સ લિ.રાજકોટના ઓએ ફરિયાદ અરજી આપેલ છે કે ,ગૃહ ફાઈનાન્સ લિ. મા આ કામના આરોપીઓ (૧) સુરેશ મોહનભાઈ આસોડીયા (૨)રેખાબેન સુરેશભાઈ આસોડીયા રહે.બન્ને નારણનગર મેઈન રોડ, રણછોડનગર રાજકોટના ઓએ દેવસી વેલજીભાઈ બોરડ કે જેઓ તા.૯/૬/૦૧ ના રોજ અવસાન પામેલ છે. તેના નામની રાજકોટ મ્યુની. રણછોડનગર વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૮૬ પૈકીના પ્લોટનંબર ૪ ની જમીન ચોરસ મીટર ૨૩૫-૫૪ ઉપર બાંધવામા આવેલ 'સુરભી'કોમ્પ્લેક્ષના ફલેટનં.બી૧૦૧ તથા બી ૧૦૨ના કે જેમા દેવસી વેલજીભાઈ બોરડ વેચનાર તથા લેનાર સુરેશ મોહનભાઈ આસોડીયા તથા રેખાબેન સુરેશભાઈ ના નામે તા. ૧૮/૨/૦૩ ના રોજ રાજકોટ કલેકટર કચેરીમાં રાજીસ્ટાર સમક્ષ વેચાણ દસ્તાવેજ રજી.નં.૬૯૧/૦૩ તથા ૬૯૨/૦૩ થી રજીસ્ટર કરાવી તે તથા ઈન્કમ ટેક્ષને લગતા ફોર્મ રજુ કરી કુલ રૂ.દશ લાખ (૧૦,૦૦,૦૦૦) ની લોન સંયુકત નામે મેળવેલ છે. જેમાં દીલીપકુમાર જયંતિલાલ મીઠાણી તથા ભગવતીપ્રસાદ ગંગારામ દાણીધારિયા ના નામે જામીન પત્ર તથા આ સુરભી કોમ્પ્લેક્ષની જમીનની ઉતરોત્તર ની ફાઈલ રજુ કરવામા આવેલ છે. જે બાબતે ઉપરોકત નંબરથી ગુન્હો રજીસ્ટર થયેલ અને આગળની તપાસ કરતા આ કામના આરોપીઓ 'એ'ડીવી.પો.સ્ટે. i ગુ.ર. નં.૩૫૧/૦૩ આઈ.પી.સી.કલમ –

૪૨૦,૪૯૭,૪૭૧, ૧૨૦બી વિ.ના કામે જેલમા હોઈ નામદાર કોર્ટ મારફતે (૧)સુરેશ મોહનભાઈ આસોડીયા (૨) શૈલેષ લવજીભાઈ પટેલ (૩) મહેશ મગનલાલ ચાવડા (૪) જીવરાજ લાલજી દેવડીયા રહે.બધા રાજકોટ વાળાઓને તા.૧૦/૧૦/૦૩ ના રોજ જિલ્લા જેલ માથી ટ્રાન્સફર વોરંટ ના આધારે કબ્જો સંભાળી કલાક ૧૮/૩૦ વાગ્યે ઉપરોકત ગુન્હાના કામે અટક કરેલ છે અને તા.૧૩/૧૦/૦૩ ના કલાક ૧૭/૦૦ વાગ્યા સુધી પોલીસ રીમાન્ડ ઉપર મેળવેલ હતા તે દરમ્યાન તપાસ કરતા આ કામે રજીસ્ટ્રાર સમક્ષ વેચાણ દસ્તાવેજ થયેલ છે. તે બન્ને વેચાણ દસ્તાવેજોમાં દેવસી વેલજીભાઈ બોરડ તરીકે જીવરાજ લાલજીભાઈ દેવળીયા હાજર રહી તેણે દેવસી વેલજીભાઈ તરીકેની ઓળખાણ આપી દેવસી વેલજીભાઈ બોરડની બનાવટી સહી કરેલ છે તથા સુરેશ મોહનભાઈ આસોડીયા તથા રેખાબેન સુરેશભાઈ આસોડીયા ફલેટ નં.બી૧૦૧ તથા બી૧૦૨ અનુ ક્રમે ખરીદનાર છે. તથા પોપટ ભાદા એ દેવસી વેલજીભાઈ બોરડને સુરભી કોમ્પ્લેક્ષ ના પ્લોટની વેચાણના ઉતરોત્તરના દસ્તાવેજ ની ફાઈલની ઝેરોક્ષ નકલો આ કામના આરોપી સુરેશ મોહન આસોડીયાની પાસે અગાઉ થી જ હોઈ તેણે આ ફાઈલનો ઉપયોગ કરેલ છે. અને શૈલેષ લવજીભાઈ પટેલે આપેલ નથી તેવુ તપાસમા જણાઈ આવેલ છે. એ રીતે આ કામે બેન્કમા પોપટ ભાદાએ દેવસી વેલજી બોરડને વેચાણ કરેલ સદરહુ પ્લોટની ઝેરોક્ષ ફાઈલ અગાઉથીજ સુરેશ મોહનભાઈ આસોડીયા પાસે હોઇ તેણે તે ફાઇલનો લોન લેવા માટે સદરહુ બેન્કમાં રજુ કરેલ ભારતીય દંડ સહિંતાની કલમ-૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧,૩૪, ૧૨૦ (બી) મુજબનો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ... ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૬) ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કો. કલમ : ૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧,૩૪,૧૨૦(બી) મુજબ નાં ગુન્હાઓનું તહોમત મુકવામાં આવેલ છે. સદરહું કલમમાં કરવામાં આવેલી જોગવાઈઓ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**ભારતીય ફોજદારી ધારાની**

**કલમ–૩૪ મુજબ** જુદી જુદી વ્યક્તિઓએ સામાન્ય ઈરાદો બર લાવવા કરેલા કૃત્યો: જુદી જુદી વ્યક્તિઓએ તેમના બધાનો સામાન્ય ઈરાદો બર લાવવા માટે કોઈ ગુનાહિત કૃત્ય કર્યું હોય ત્યારે એવી વ્યક્તિઓ પૈકીની દરેક વ્યક્તિ તે કૃત્ય પોતે એકલાએ જ કર્યું હોય તે રીતે તે કૃત્ય માટે જવાબદાર છે.

**કલમ–૪૦૪ મુજબ** મૃત્યુ પામેલી વ્યક્તિ પાસે તેના મૃત્યુ સમયે હોય તે મિલકતનો બદદાનતથી દુર્વિનિયોગ કરવા બાબત:

કોઈ વ્યક્તિ મૃત્યુ થયું તે વખતે તેના કબજામાં જે મિલકત હતી તે મિલકત ત્યારથી હજુ સુધી કાયદેસર હકદાર વ્યક્તિના કબજામાં આવી નથી એવું જાણવા છતાં, જે કોઇ વ્યક્તિ, તેનો બદદાનતથી દુર્વિનિયોગ કરે અથવા તેને પોતાના ઉપયોગમાં લઈ લે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે અને જે વ્યક્તિનું મૃત્યુ થયું તેના મૃત્યુ સમયે જો ગુનેગાર તેના કારકુન અથવા નોકર તરીકે કામ કરતો હોય તો તેને સાત વર્ષ સુધીની કેદની શિક્ષા કરી શકાશે.

**કલમ ૪૦૬:–** મુજબના ગુનાહીત વિશ્વાસઘાતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧.આરોપીને કોઈ મિલકત કે મિલકત ઉપર અધીકાર સોંપવામાં આવ્યો હતો.

૨. આરોપીનો તે મિલકત પર તે મુજબનો અધીકાર હતો.

૩. આરોપીએ તે મીલકતની ઉચાપત કરી અથવા ઉપયોગમાં લીધી અથવા અન્યને તેના ઉપયોગમાં લેવા જાણીબૂજીને લેવા દીધી.

૪. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણીકપણે કર્યુ.

૫. આરોપીએ આવું કૃત્ય અમલ કરવાની પધ્ધતી દર્શાવતા કાનૂની આદેશ વિરૂધ્ધ કર્યુ, અથવા કોઈ ટ્રસ્ટની મિલકત હોય ત્યારે તે મિલકતને લગતા સ્પષ્ટ અથવા ગર્ભિત કાનૂની કરારનાં આદેશનું ઉલ્લંઘન કરીને આરોપીએ આવું કૃત્ય કર્યુ.

**કલમ ૪૧૯ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.**

જે કોઈ વ્યક્તિ, ખોટા નામે ઠગાઈ કરે, તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા તે દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ ૪૨૦ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૨૦ મુજબના ઠગાઈ કરવા અને મિલકત આપી દેવા માટે બદદાનતથી લલચાવવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ કોઈ વ્યકિતની ઠગાઈ કરી છે.

૨.તેણે તેના દ્વારા

(અ) આરોપીની ન હોય તેવી કોઈ વ્યકિતની મિલકતનું હસ્તાંતરણ કરવા

(બ) કોઈ કિંમતી જામીનગીરી બનાવવા, તેમાં ફેરફાર કે નાશ કરવા

(ક) કોઈ કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તે માટે સહી કે સીકકો કરવા કોઈને પ્રેરેલ છે.

૩. આવું તેણે અપ્રમાણિકતાથી કરેલ છે.

**કલમ – ૪૬૭ કીમતી જામીનગીરી, વીલ વગેરેની ખોટી બનાવટના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

૧. જે દસ્તાવેજ પ્રશ્નમાં છે તે બનાવટી છે.

૨. તે આરોપીએ બનાવટથી કરેલ છે.

૩. દસ્તાવેજ કલમમાં જણાવ્યા મુજબનો એક છે.

**કલમ ૪૬૮ :– ઠગાઈ માટે ફૂટલેખનના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

૧. સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો.

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલ હતો.

૩.બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપીનો ઠગાઈ કરવાનો ઈરાદો હતો.

**કલમ ૪૭૧ :– બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

૧. સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો.

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, અથવા

૩. આરોપી જાણતા હતા અથવા તેને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે.

૪. આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચાં તરીકે કર્યો.

૫. આરોપીએ આવું કૃત્ય કપટ કરવાનાં ઈરાદાથી અપ્રમાણિક પણે કર્યું.

**કલમ– ૧૨૦ (બી) ના ગુનાહીત કાવતરા માટેના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.**

૧. બે કે વધુ વ્યકિતઓ વચ્ચે સમજૂતી હોવી જોઈએ.

૨. આ સમજૂતી કાં તો

અ. ગેરકાયદે કાર્ય કરવા કે કરાવવા

બ. ગેરકાયદે કાર્ય ન હોય તેવું કાર્ય ગેરકાયદે સાધનથી કરવા કે કરાવવા માટેની હોવી જોઈએ.

૧. આરોપીએ અન્ય આરોપી કે આરોપીઓ સાથે સહમતી કરી.

૨. આ કાવતરૂ ગેરકાનુની કૃત્ય અથવા એક કાનૂની કૃત્ય ગેરકાનૂની રીતે કરવા માટે અથવા કરાવવા માટે કરવામાં આવ્યું.

૩. જે કૃત્ય કરવા અથવા કરાવવા કાવતરૂં કરવામાં આવ્યું હોય તે કૃત્ય આ સંહિતા હેઠળ શિક્ષાપાત્ર હોય અને

૪. આવું કૃત્ય ગુન્હો બનતું ન હોય ત્યારે એક અથવા વધારે આરોપીઓઅ કશુંક કૃત્ય કાવતરાના અનુસંધાને કર્યું હતું.

(૬) ઉપરોકત મુદ્દાઓના નીર્ણયોના કારણો નીચે મુજબના છે.

**_-::: કારણો ::: -_**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

**_મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨._**

(૭) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક:૭૨ થી ફરીયાદી રાજેશભાઈ મૂળજીભાઈ બારોટને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓએ ૧૯૯૨ થી ગૃહ ફાઈનાન્સ લી.માં અલગ અલગ હોદાઓ પર નોકરી કરેલ છે. રાજકોટ મુકામે તેઓ બ્રાંચ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. ૧૯૯૮ થી ૨૦૦૩ સુધી તેઓ ફરજ બજાવતા હતા. ગૃહ ફાઈનાન્સ કંપની એ પબ્લીક લીમીટેડ કંપની છે. તેમાં ગવર્મેન્ટનું એકટ ટેઈકીંગ નથી. ગૃહ ફાઈનાન્સ હાઉસીંગ લોન મકાન ખરીદવા, બાંધવા, રીપેરીંગ માટે વિગેરે માટે ફાઈનાન્સ આપવાનું કામ કરે છે. હાઉસીંગ લોન માટે આવકના પુરાવા તેની રીપેરીંગ કેપેસીટી તથા મિલકતના દસ્તાવેજો વગેરે બાબતોનું અમે વેરીફીકેશન

કરીએ છીએ. પગારદાર કર્મચારી પાસેથી તેની લેઈટસ પગાર સ્લીપ, પ્રોવિડંડ ફંડનો ઉતારો, વચના આધારો તથા સર્વિસ કરતો હોય તો માલિકનું પ્રમાણપત્ર વગેરે દસ્તાવેજો માંગીએ છીએ. ધંધા માટે ગૃહ ફાઈનાન્સ લોન આપતુ નથી. ધંધાદારી વ્યકિત મિલકત લેવા માંગતી હોય તો તે માટે લોન આપે છે ધંધાદારી વ્યકિત પાસેથી લોન લેવા અમે છેલ્લા ગયા વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન, નુકશાન ખાતાનો ઉમેરો, બેલેન્સ સીટ, બચતનો આધાર તથા અન્ય કોઈ સીકયોરીટી માપી શકે તેમ હોય તો તે માગીએ છીએ. મિલકત જે ખરીદવા માંગે છે તેના ઉતરોઉતર માલિકીના દસ્તાવેજો ટાઈટલ કરાવ્યાના સર્ટીફિકેટ મિલકતનો મંજુર થયેલ. પ્લાન બાંધકામની રજા ચીઠી વગેરે માંગીએ છીએ. મિલકતી ખરીદીઓ જેની સાથે સાટાખત થયેલ હોય તે સાટાખત માંગીએ છીએ. દસ્તાવેજની કિંમતના ૮૫ ટકા સુધીની લોન આપીએ છીએ. સુરેશભાઈ મોહનભાઈ ફેબ્રુઆરી ૨૦૦૩ માં મારી પાસે લોનની માહિતી લેવા માટે આવેલા હતા. તેઓ તેમના અને તેમના પત્નિ રેખાબેનના નામે લોન લેવા માગતા હતા. તેવુ તેઓ એ મને જણાવેલ તેઓ ગૃહ ફાઈનાન્સ માં કામ કરતા નિચતીબેનને મળેલા હતા. તેમની પાસેથી લોન લેવા માટેની માહિતી માંગી હતી. નિચતી બેને મને સુરેશભાઈ અને રેખાબેનને આવકના જે આધારો તેમની પાસે રજુ કરેલા તે મને આપેલા. ત્યારબાદ સદરહું આવકના પેપરોની ચકાસણી કરેલી. ત્યારબાદ હું અને જાગાણીભાઈ સુરેશભાઈને ત્યા ફેકટરી આવેલી હતી ત્યા સ્થળ તપાસ માટે ગયેલા ત્યારબાદ તેમની આવક, ફીડ ઈન્વેસ્ટીગેશન રીપોર્ટ તૈયાર કરેલો અને તે વખતના એરીયા મેનેજર શ્રી અવિનાશ શ્રીવાસ્તવને મોકલાવેલ હતો. તેઓ ચકાસણી કર્યા બાદ મને ફાઈલ મંજુર કરવા માટે જણાવેલ હતું. ત્યારબાદ તા.૧૨/૦૨/૨૦૦૩ ના રોજ સુરેશભાઈ તથા રેખાબેને એપ્લીકેશન ફોર્મ બન્નેના અલગ અલગ ફોર્મ વિગતો સાથે રજુ કરેલા અને પુરી પ્રોસેસીંગ ફી ભરેલી અને તેના આધારે સુચન કોમ્પલેક્ષમાં આવેલ ફલેટ નં. બી–૧૦૧,૧૦૨ દરેક

રૂપીયા ૫,૦૦,૦૦૦/– ની લોન માટે અરજી કરેલી આ લોન અરજીમાં તેઓએ મારા રૂબરુ સહી કરેલી. સુરેશભાઈ અને રેખાબેન દેવશીભાઈ નામની વ્યકતી પાસેથી સદર મીલકત ખરીદવા માગતા હતા. અરજી સાથે મીલકત ટાઈટલ કલીયરીનો રીપોર્ટ દેવાયતભાઈની મીલકતના આધારે તેમનું પ્રોપર્ટી કાર્ડ, કોર્પોરેટે મંજુર કરેલો પ્લાન કમ્પલીટનું સર્ટીફીકેટના દસ્તાવેજો રજુ કરેલ. આવકના આધારમાં ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧ થી ૨૦૦૨ તથા ૨૦૦૨–૨૦૦૩ ના એમ વર્ષના આવકવેરાના રીર્ટનની નકલ રજુ કરેલી. સરવૈયુ, મૂળીખાતુ, બેલેન્સશીટ, પાનકાર્ડ વગેરે રજુ કરેલ હતા. સુરેશભાઈ બોલ બેરીંગના કારરખાનાનો ધંધો તેમના આવકના સ્ત્રોત અંગેનો બતાવેલ હતો તથા રેખાબેન કાપડનો ધંધો કરતા હોવાનું તેમના આવકના સ્ત્રોત અંગે બતાવેલ હતું . સુરેશભાઈના નામની રૂા. ૫,૦૦,૦૦૦/– ની લોન આપેલો હોવાની જાણ સુરેશભાઈ તથા રેખાબેનને કરેલ હતી ત્યાં લોન મંજુર કર્યા અંગેનો પુન: પત્ર તેઓને આપેલ હતો તેના અંગે તેઓએ લોનની અરજી તા.૧૬/૦૨/૨૦૦૩ નારોજ ટેકનીકલ ઈન્સ્પેકશન નિયતીબેન દવારા કરવામાં આવેલ તથા લોનની જામીનગીરી પેટે બીજા કેસમાં બંનેને જામીન આપવામાં આવેલ હતા તેમાં જામીન તરીકે શ્રી દિલિપ જનકાળી અને બીજાનું નામ હાલ તેઓને યાદ નથી. જામીનદારોના આવકના આધાર તરીકે ઈન્કમટેક્ષ રીર્ટન ભર્યા અંગેના આધારો આપેલ. ત્યારબાદ તેઓએ જણાવેલ કે સીધો સાદો દસ્તાવેજ કરાવવાનો હોય સાટાખત કરાવેલ નથી તથા ધીરાણ લેતા પહેલા જે વ્યકિતને વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો તે દસ્તાવેજના ડ્રાફટની કોપી ઈસ્યુ કરેલી તથા તા. ૧૮/૦૨/૦૩ ના રોજ સદર લોનનું વિતરણ કરવા માટે જણાવેલ જેથી નિયતી બેને ડીવર્સમેન્ટ મેમો તા.૧૮/૦૨/૦૩ ના રોજ તૈયાર કરેલ તથા તેમને રૂબરૂ હાજર રહેવાનું જણાવેલ. તા. ૧૮/૦૨/૦૩ ના રોજ સુરેશભાઈ તથા રેખાબેન બંને અમારી ઓફીસે આવેલા તથા લોન ધીરાણ કરાર પ્રોમીસરી નોટ પાવર ઓફ એટર્ની

વગેરેમાં અમારી રૂબરૂ તેઓએ સહી કરેલી. પરંતુ તેમને અસલ દસ્તાવેજો મળેલ નહી. જેથી બીજા દિવસે આવવાનું જણાવેલ તેઓ તા.૧૯/૦૨/૦૩ ના રોજ અસલ વેચાણ દસ્તાવેજ લઈને અમારી બેંકમાં આવેલા અને અસલ દસ્તાવેજ અમારે ત્યાં ઈસ્યુ કરેલ અને અમોએ લોનનો ચેક આપેલ. જે ચેક દેવાયત ભાઈના નામના અમારી બેંકે આપેલ. રેકર્ડ પરથી તપાસ કરતા ધીરાણ અંગેનો ચેક નં .૬૩૧૧૬૪ એચ.ડી.એફ.સી. બેંક રાજકોટ રૂપિયા પાંચ લાખનો સુરેશભાઈ મોહનભાઈ આસોડીયાના નામનો આપવામાં આવેલ હતો તથા બીજો ચેક ૬૩૧૧૬૫ એચ.ડી. એફ.સી. બેંક રાજકોટ તે ચેક રેખાબેન સુરેશભાઈ આસોડીયાના નામનો આપવામાં આવેલ હતો. બંને ચેકો તા.૧૮/૦૨/૦૩ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ હતા. લોન લેનાર વ્યકિતઓએ આ ચેકો રાજકોટ પીપલ્સ કો.ઓપરેટીવ બેંકમાં જમા કરવેલ હતા જે ચેકો તા.૧૯/૦૨/૦૩ રોજ ગૃહ ફાઈનાન્સના ખાતામાં ચુકવણી થયેલી જે અંગેનું એચ.ડી. એફ.સી. બેંકનું સ્ટેટમેન્ટ મળેલુ છે. લોન આપ્યા પછી સુરેશભાઈ અને રેખાબેને લોનની મેળવેલ રકમને ૩-૪ મહિના સુધી નિયમીત હપ્તા ભર્યા અને ત્યારબાદ તા. ૨૦/૦૯/૨૦૦૩ ના રોજ પો.ઈન્સ. ડી.સી.બી.નો રાજકોટનો પત્ર અમારી બેંકના મેનેજરને મળેલો. જે પત્ર હું લીસ્ટથી રજુ કરવા માંગુ છું પોલીસે અમારી બેંકમાંથી સુરેશભાઈ અને રેખાબેનને જે લોનના દસ્તાવેજોની ઝેરોક્ષ નકલની માંગણી કરેલી જે તા. ૦૪/૧૦/૨૦૦૩ ના લીસ્ટથી તે મુજબના દસ્તાવેજોની નકલ ડી.સી.બી. પોલીસ રાજકોટ ને મોકલી આપેલ હતી. પછી મેં તા. ૦૧/૧૦/૨૦૦૩ ના અરસામાં પોલીસે આ દસ્તાવેજો કેમ માંગેલા તેની મેં તપાસ કરેલી. અને જે મીલકત પર સુરેશભાઈ અને રેખાબેને ગૃહ ફાઈનાન્સમાંથી લોન લીધેલ હતી તે સુરભી કોમ્પ્લેક્ષ રાજકોટની મુલાકાત લીધેલી. તપાસ કરતા જાણવા મળેલ કે, દેવશીભાઈ વેલજીભાઈ બોરડ હતા. તેઓ તા. ૦૯/૦૬/૨૦૦૧ ના અરસામાં ગુજરી ગયેલા છે એવું જાણવા મળેલું. પછી આ

અંગે મે વધુ તપાસ કરતા જાણવા મળેલ કે, સુરેશભાઈ અને રેખાબેનને લોન મેળવવા માટે રજુ કરેલ દસ્તાવેજ ખોટા હતા. કારણ કે, જે વ્યકિતએ દસ્તાવેજ કરી આપવા માટેનો આ બંનેને જણાવેલ હતુ તે વ્યકિત દેવશીભાઈ બોરડ ગુજરી ગયેલ હતા. જયારે વેચાણ દસ્તાવેજમાં વેચાનાર તરીકે દેવશીભાઈ વેલજીભાઈ બોરડની સહીઓ કરેલી. અને તે વેચાણ દસ્તાવેજ નં.૬૯૧ થી ૬૯૨ એ મુજબ સબ રજી. રાજકોટ સમક્ષ સુરભી કોમ્પ્લેક્ષ રાજકોટ ખાતે આવેલ બી–૧૦૧, ૧૦૨ ના હતા. જે દસ્તાવેજો તા. ૧૮/૦૨/૦૩ ના રોજ સબ રજી. રાજકોટ સમક્ષ નોંધાયેલા હતા. જામીનપાત્ર જે રજુ કરેલા હતા. તે જામીન શ્રી દિલીપભાઈ મિઠાણી અને શ્રી દાણીધરીયા ને જામીનપત્રમાં તેઓનું જે સરનામું આપેલું હતું ત્યાં તપાસ કરતા આવી કોઈ વ્યકિતઓ મળી આવેલ નહી. તેથી અમોને થયેલ કે, ખોટા જામીન પત્ર આપેલ છે. આ હકિકત જાણ્યા પછી મે મારા એરીયા મેનેજર અવિનાશ શ્રીવાસ્તવને જાણ કરેલી. તે પછી તેમણે મને કાયદેસર કાર્યવાહી કરી ફરીયાદ આપવાની સુચના આપેલી. ત્યારપછી મે તા.૧૦/૦૩/૨૦૦૩ ના રોજ લેખીત ફરીયાદ પી.સી.બી. પોલીસ રાજકોટ સમક્ષ આપેલી હતી. તે ફરીયાદમાં મારી સહી છે તે ફરીયાદ આંક–૯૯ થી રજુ છે. હવે હું કહુ છુ કે આ ફરીયાદમાં મે જણાવેલ તા.૦૮/૧૦/૨૦૦૩ ની તારીખ રહી ગયેલ જે શરત ચુકથી રહી ગયેલ છે. આ ફરીયાદ મેં ગૃહ ફાઈનાન્સ લીમીટેડ ના મેનેજીંગ ડીરેકટર શ્રી સુધીનભાઈ ચોકસીના પાવર ઓફ એટર્નીના આધારે આવેલી છે. જે પાવર ઓફ એટર્ની રજુ કરુ છું. જે દા.આ.–૧૦૦ પછી મે તા.૧૪/૧૦/૦૩ ના રોજ મે કરેલ ફરીયાદના અનુસંધાને પોલીસ ને અસલ દસ્તાવેજો આપેલા અને પોલીસે મારો તા.૧૪/૧૦/૨૦૦૩ ના રોજ મારો જવાબ લીધેલો. જે લીસ્ટ હું રજુ કરુ છું. જે લીસ્ટ અંગે ઝેરોક્ષ નકલમાં એકનોલેજમેન્ટ કરી આપેલ. જે ઝેરોક્ષ સ્થળપ્રત રજુ કરૂ છું જે આંક–૧૦૧ થી રજુ છે. તેઓને મુ. આર્ટી. નં.૧૧ બતાવવામાં આવે છે તે લોન અરજીનું ફોર્મ છે. જે સુરેશભાઈ મોહનભાઈ

આસોડીયા અને રેખાબેન સુરેશભાઈ આસોડીયા છે જેમાં તેના ફોટા છે અને ફોટા ઉપર તેઓની સહી છે. આ તમામ સહીઓ તેઓની હાજરીમાં બંને જણાએ ફોર્મની વિગત ભર્યા પછી સહીઓ કરેલ હતી. તેઓની સહીઓને ઓળખુ છું જે ફાઈલ નં.૯૭૬૮૧ થી તા. ૧૨/૦૨/૦૩ ના રોજ નોંધાયેલ છે જે અસલ રજુ કરે છે. આ ફોર્મમાં જે મીલકત રજુ કરેલ છે તેનું સરનામું સુરભી એપાર્ટમેન્ટ બી–૧૦૧, રણછોડ નગર, પેડક રોડ, ગોકળ નંદાણીની શેરી, રાજકોટ દર્શાવેલ છે. સુરેશભાઈ અને રેખાબેને રૂા. પાંચ લાખની લોનની માંગણી કરેલી હતી. જેમાં મુખ્ય અરજદાર સુરેશભાઈ અને રેખાબેન સહ અરજદાર તરીકે છે. મને મુ.આર્ટી નં.૧૨ બતાવવામાં આવે છે જે જામીન પત્ર છે. જેમાં જામીનદાર મીઠાણી દિલીપભાઈ જયંતીભાઈની સહી કરેલ છે. જેનો ફાઈલ નં. દા.આં.૧૦૩ થી આ જામીનપત્રમાં જામીનની ઓળખ શ્રી સી.જી.ખુમાણે આપેલી છે. જે આ ડોકયુમેન્ટ (જામીનપત્રનો) દસ્તાવેજ મારી હાજરીમાં રજુ કરેલો હતો. મને મુ.આર્ટી નં.૧૬ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જેમાં મુખ્ય અરજદાર તરીકે રેખાબેન સુરેશભાઈની લોન અરજી છે અને સહ અરજદાર તરીકે સુરેશભાઈ છે. જે ફાઈલ નં .૯૭૬૯ છે. જેમાં તેઓના ફોટા છે તેઓની સહીઓ છે જેમાં મારી રૂબરૂ સહી કરેલી. આ લોન અરજીમાં મીલકતમાં ફલેટ નં. ૧૦૨ સુરભી એપાર્ટમેન્ટ દર્શાવેલ છે. જેમાં પાંચ લાખની લોનની માં ગણી કરેલી હતી. મને મુ.આર્ટી.નં.૧૩ જામીનપત્ર બતાવવામાં આવે છે. તેમાં જામીનદાર તરીકે ભગવતી પ્રસાદ દાણીધરની સહી છે. અને એડવોકેટ સી.જી. ખુમાણે તેની ઓળખાણ આપેલ છે જે જામીનપત્રમાં રેખાબેન અને સુરેશભાઈ મોહનભાઈ ના જામીનદાર થયેલા હતા. મને મુ.આર્ટી નં.૧૯,૨૦ બતાવવામાં આવે છે જે જામીનપત્ર છે. જેમાં દિલીપકુમાર જેન્તીલાલ મીઠાણીની સહી છે. અને તે જામીનપત્રમાં ભગવતી પ્રસાદ દાણીધરીયાની સહી છે. અને સી.જી.ખુમાણ એડવોકેટ શ્રીએ ઓળખાણ આપેલી છે. મને મુ.આર્ટી. નં.૧૪ બતાવવામાં આવે છે. જે સુરેશભાઈ મોહનભાઈ

એ રેવન્યુ સર્વે નં.૧૮૬ પૈકી પ્લોટ નં.-૪ ચો.મી.૨૩૫/૫૪ વાળી મીલકતનો સુરભી કોમ્પ્લેક્ષ ફ્લેટ નં. બી-૧૦૧ નો વેચાણ દસ્તાવેજ છે. જેમાં લખી આપનાર તરીકે દેવશીભાઈ વેલજીભાઈ બોરડ અને સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા ખરીદનાર તરીકે છે અને તેમાં દેવશીભાઈ વેલજીભાઈ બોરડની વેચનાર તરીકે સહી છે. જે રજી.સબ રજી. ઓફીસ રાજકોટમાં ૬૯૧/૧૮ ફેબ્રુ ૨૦૦૩ થી નોંધાયેલ છે જે દસ્તાવેજ વાંધા સાથે આંક આપવામા આવે છે આ દસ્તાવેજ મારી સમક્ષ આરોપીઓએ રજુ કરેલ હતુ. મને મુ.આર્ટી.નં. ૧૫ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે દસ્તાવેજ રજી. અંગેની સબ રજી.ની રાજકોટની પાવતી છે. જેમાં સુરેશભાઈ આસોડીયા ની સહી છે જે આંક-૧૦૯ થી રજુ છે. મને મુ.આર્ટી. નં. ૧૭ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તે દેવશીભાઈ વેલજીભાઈ બોરડ વેચનાર તરીકે છે અને ખરીદનાર તરીકે રેખાબેન સુરેશભાઈ આસોડીયા સુરભી કોમ્લેક્ષમાં આવેલ ફ્લેટ નં. બી-૧૦૨ અંગેનો છે. જેનો ૬૯૨ તા.૧૮/૦૨/૦૩ ના રોજ નોંધાયેલ છે. જેમાં વેચનાર તરીકે દેવશીભાઈ વેલજીભાઈ બોરડની સહી છે. મને મુ.આર્ટી. નં. ૧૮ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે વેચાણ દસ્તાવેજ ૬૯૨ અંગેની રજી. ની પાવતી છે. તેમાં દેવશીભાઈ વેલજીભાઈ બોરડની સહી છે. જે પુરાવામાં આંક-૧૧૧ થી રજુ છે. મને મુ.આર્ટી. નં. ૨૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે મકાન વપરાશ માટેનો દાખલો છે જે રાજકોટ મહાનગર પાલીકાનો છે. તે દાખલો રાજકોટ મહાનગર પાલીકાના ટાઉન પ્લાનર ડેવ. ઓફીસર દેવશીભાઈ વેલજીભાઈ બોરડના નામનો તા.૧૮/૦૯ /૨૦૦૦ ના રોજનો આપેલો છે. જેમાં નોટરીઓ ટ્રુ કોપી કરી આપેલ છે. જે પુરાવામાં આંક-૧૧૨ થી રજુ કરવામાં આવેલ છે. મુદામાલ તરીકે કબજે લીધેલા દસ્તાવેજો લોન લેતી વખતે આરોપીઓએ અમારી બેંક થ્રુ કરેલ હતા. તે દસ્તાવેજો દસ્તાવેજી લીસ્ટમાં ક્રમ નં .૧ થી ૫૮ સુધીના રજુ છે. જે દસ્તાવેજી પુરાવા લીસ્ટ આંક-૧૨૧

થી રજુ છે. ક્રમ નંબર ૧૦ થી રેખાબેન સુરેશભાઈનું હિસાબી વર્ષ ૧૯૯૯–૨૦૦૦ ના વેપાર ખાતા તથા વટાવખાતા, મુળી ખાતુ અને સરવૈયાની ઝેરોક્ષ નકલ છે. તેમાં રેખાબેનની સહી છે તથા સી.એ. ની સહી તથા સિકકો મારેલ છે. ક્રમ નં.૧૧ જોઈન્ટ સબ રજીસ્ટ્રાર રાજકોટ ની સોધ રીસીપ્ટ તા.૧૩/૨/૨૦૦૩ ની હીનાબેન ધકાણ વ.શ્રીની શોધ કર્યા અંગેની ફીની રસીદ છે જેમાં જોઈન્ટ સબ રજીસ્ટ્રાર રાજકોટની સહી છે જે પુરાવામાં આંક–૧૨૨ થી રજુ છે. ક્રમ નંબર ૧૨ સબ રજીસ્ટ્રાર રાજકોટની ઓફીસમાં હીનાબેન ધકાણે દસ્તાવેજની શોધ કર્યાની ફી ભર્યાની રસીદ છે જે તા. ૧૩/૨/૨૦૦૩ ની છે જે પુરાવામાં આંક–૧૨૩ થી રજુ છે. ક્રમ નં બર ૧૩ ટાઈટલ વેરીફિકેશન રીપોર્ટ સુરભી કોમ્પ્લેક્ષ વાળી મિલકત શ્રી દેવશીભાઈ વેલજીભાઈ બોરડના નામનો તા.૧૪/૨/૨૦૦૩ નો વ.શ્રી હીનાબેન ધકાણીનો અસલ રીપોર્ટ પુરાવામાં આંક–૧૨૪ થી રજુ છે. ક્રમ નંબર ૧૪ દેવશીભાઈ વેલજીભાઈ બોરડે સુરભી કોમ્પ્લેક્ષ રાજકોટની મિલકત અંગે ફ્લેટ એકટ મુજબ ડેકલેરેશન દસ્તાવેજ અંગેની નોટરીની ઝેરોક્ષ નકલ છે. જે પુરાવામાં આંક–૧૨૫ થી રજુ છે. ક્રમ નં.૧૫ વાળો દસ્તાવેજ દેવશીભાઈ વેલજીભાઈ બોરડે સુરભી કોમ્પ્લેક્ષ વાળી મિલકત ખરીદી તેના વેચાણ દસ્તાવેજની નોટરાઈઝડ ખરી નકલ છે આ દસ્તાવેજ નોટરી શ્રી જે.વી.ગાંગાણી રૂબરૂ નોટરાઈઝડ થયેલ છે. જે પુરાવામાં આંક–૧૨૬ થી રજુ છે. ક્રમ નંબર ૧૬ વાળો દસ્તાવેજ દેવશીભાઈ વેલજીભાઈ બોરડે શ્રી ઘેલાભાઈ થીંગાણા પાસેથી સુરભી કોમ્પ્લેક્ષ વાળી મિલકત ખરીદ કરેલી તેના અનુસંધાને મેળવેલ વારસા સર્ટી નં. ૬૧૬/૯૫ ની નોટરાઈઝ ખરી નકલ છે જે આંક–૧૨૭ એ થી રજુ છે. ક્રમ નં.૧૭ વાળો દસ્તાવેજ દેવશીભાઈ વેલજીભાઈ બોરડ ને તા.૨૮/૦૮/૧૯૯૭ ના રોજ સીટી સર્વે રાજકોટે આપેલી પ્રોપર્ટી કાર્ડની ઝેરોક્ષ નકલ છે. જે આંક–૧૨૭ થી રજુ છે. ક્રમ નં.૧૮ વાળો દસ્તાવેજ રાજકોટ મહાનગર પાલીકા રાજકોટમાંથી દેવશીભાઈ બોરડે સુરભી કોમ્પ્લેક્ષ માટે મેળવેલ બાંધકામની પરવાનગી નોટરાઈઝ

ઝેરોક્ષ ટ્રુ કોપી છે જે આંક–૧૨૮ થી રજુ છે. ક્રમ નં.૧૯ રાજકોટ મહાનગર પાલીકાની વિકાસ કામની પરવાનગી જે દેવશીભાઈ વેલજીભાઈના નામની સુરભી કોમ્પ્લેક્ષ અંગે આપેલ તેની નોટરાઈઝ ખરી નકલ છે જે આંક–૧૨૯ થી રજુ છે. ક્રમ નં.૨૦ વાળો દસ્તાવેજ કલેમલકવેટી રાજકોટ સુરભી કોમ્પ્લેક્ષવાળી મિલકતનો બીન ખેતીના કામની નોટરાઈઝ નકલ છે જે આંક–૧૩૦ થી રજુ છે. ક્રમ નં.૨૧ નો દસ્તાવેજ જામીનદાર મીઠાણી દિલીપભાલ જેન્તીલાલનું ફોર્મ અને ૨૦૦૨ થી ૨૦૦૩ ના વર્ષની સ્ટેટમેન્ટ ઓફ ઈન્કમની ઝેરોક્ષ નકલ છે. ક્રમ નં.૨૩ જામીનદાર દિલીપભાઈની તા. ૦૧/૦૪/૨૦૦૧ થી ૩૧/૦૩/૨૦૦૨ ના વર્ષની ટ્રેડીંગ એકાઉન્ટની ઝેરોક્ષ નકલ છે અને તેની સાથેનો જોડાણ અને કેપીટલ એકાઉન્ટ અને બેલેન્સ સીટ છે ક્રમ નં.૨૪ જામીનદાર દાણીધારીયા બી.જી. જેઓ સુરેશભાઈ અને રેખાબેનના જામીનદાર થયેલા અને તેમના ૨૦૦૨ તથા ૨૦૦૩ ના વર્ષની ઈન્કમટેક્ષની સરલ ફોર્મ સહી વાળુ ઝેરોક્ષ નકલ છે. ક્રમ નં.૨૫ વેચાણ વાળો દસ્તાવેજ શ્રી બી.જી.દાણીધારીયા ૨૦૦૨ તથા ૨૦૦૩ ના વર્ષની સ્ટેટમેન્ટ ઓફ ઈન્કમની ઝેરોક્ષ નકલ છે. ક્રમ નં.૨૬ વાળો દસ્તાવેજ શ્રી બી.જી.દાણીધરીયાની તા.૦૧/૦૪/૨૦૦૧ થી તા. ૩૧/૦૩/૨૦૦૨ ના વર્ષનું વટાઉ ખર્ચ ખાતુની ઝેરોક્ષ નકલ છે તથા તેની સાથેનું જોડાણ એ તા.૩૧/૦૩/૨૦૦૨ ના વર્ષની પાકા સરવૈયાની ઝેરોક્ષ નકલ છે. આ દસ્તાવેજો લોન લેતી વખતે તેમના જામીન પત્રો સાથે અમારી બેંક સમક્ષ રજુ કરેલ હતા. ક્રમ નં.૨૭ નો દસ્તાવેજ ટેકનીકલ એક્રીગ્લલ રીપોર્ટ રેખાબેન સુરેશભાઈ તથા સુરેશભાઈ મોહનભાઈનો એકાઉન્ટ નં બર ૯૭૬૯ નો રીપોર્ટ છે જે કોમ્પ્યુટરાઈઝડ છે જે દસ્તાવેજ નિયતીબેન વૈષ્ણવ કે જેઓ ગૃહ ફાઈનાન્સમાં હતા તેઓએ તૈયાર કરેલો છે. ક્રમ નં. ૨૮ વાળો દસ્તાવેજ રેખાબેન સુરેશભાઈ અને સુરેશભાઈ મોહનભાઈ આસોડીયાના નામનો લીગલ એપ્રેઝલ ફોર્મનો ચેક લીસ્ટ છે. આ અસલ રીપોર્ટ અમારી સંસ્થાના

નિયતીબેન વૈષ્ણવે અમારી ઓફીસના રેકર્ડ પરથી જે દસ્તાવેજો લઈએ છે. તેના પરથી તૈયાર કરેલ છે. જેમાં નિયતીબેનની સહી છે તેમની સહીને હું ઓળખુ છું હું અને નિયતીબેન સાથે કામ કરતા હતા. તેથી તેની સહી મે જોયેલી છે તેથી તેણીની સહી હું ઓળખુ છું તથા તેમાં મારી પણ સહી છે. આ અસલ રીપોર્ટ પૂરાવામાં આંક–૧૩૨ થી રજુ કરવામાં આવેલ છે. આ દસ્તાવેજ એકાઉન્ટ નં.૯૭૬૮ તથા ૯૭૬૯ નો કોમન રીતે તૈયાર કરેલો રીપોર્ટ છે. ક્રમ નં. ૨૯ વાળો દસ્તાવેજ વિતરણ પત્ર એકાઉન્ટ નં.૯૭૬૯ આસોડીયા રેખા બેન સુરેશભાઈ તથા સુરેશભાઈ મોહનભાઈ અંગેનો છે. આ દસ્તાવેજ નિયતીબેન વૈષ્ણવે રેકર્ડ ઉપરથી તૈયાર કરેલો છે. તેમાં તેની સહી છે અને તેમાં ઓથોરાઈઝડ તરીકે મારી પણ સહી છે અને તેમાં ચેક સ્વીકાર્યા અંગે સુરેશભાઈ મોહનભાઈની સહી છે. તેમની સહીને હું ઓળખુ છું આ દસ્તાવેજ પુરાવામાં આંક–૧૩૩ થી રજુ કરવામાં આવેલ છે. ક્રમ નં. ૩૦ વાળો દસ્તાવેજ અસલ ખાસ મુખત્યારનામું છે. જે આસોડીયા સુરેશભાઈ મોહનભાઈ તથા રેખાબેન સુરેશભાઈએ ગૃહ ફાઈનાન્સની તરફેણમાં કરી આપેલ છે. જેમાં બંન્નેની સહી છે આ દસ્તાવેજ ધિરાણ લેતી વખતે મારી સમક્ષ રજુ કરેલો હતો તે અસલ દસ્તાવેજ પુરાવામા ંઆંક–૧૩૪ થી રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૩૫ થી અસલ રીમાન્ડ પ્રોમીસરી નોટ રજુ કરવામાં આવેલ છે આ કામે આંક–૧૩૬ થી અસલ લોન એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૩૭ થી સબ રજીસ્ટ્રાર કચેરી રાજકોટની કોઠારીયાની ઓફીસનો સુરભી કોમ્પ્લેક્ષમાં આવેલ ફલેટ નં.બી–૧૦૨ વાળી મિલકતની વેચાણ દસ્તાવેજની અસલ ઈન્ડેક્ષ રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૩૭(એ) થી ગૃહ ફાઈનાન્સ લીમીટેડનો ટેકનીકલ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૩૮ થી ગૃહ ફાઈનાન્સ લીમીટેડ ડીસ્બર્સમેન્ટ મેમો રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૩૯ થી ઓન ડીમાન્ડ પ્રોમોસરી નોટ રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૪૦ થી ખાસ મુખત્યારનામું રજુ

કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૪૧ થી લોન એગ્રીમેન્ટ રજુ કરવામાં આવેલ છે. આંક–૧૪૨ થી સબ રજીસ્ટ્રાર કચેરી રાજકોટની કોઠારીયાની ઓફીસનો સુરભી કોમ્પ્લેક્ષમાં આવેલ ફ્લેટ નં.બી–૧૦૨ વાળી મિલકતની વેચાણ દસ્તાવેજની અસલ ઈન્ડેક્ષ રજુ કરવામાં આવેલ છે. આ કામે આંક–૧૪૩ થી આંક–૧૫૦ એકાઉન્ટના સ્ટેટમેન્ટસ રજુ કરવામાં આવેલા છે તેમજ આંક–૧૫૧ થી ગૃહ ફાઈનાન્સ દવારા આરોપીને કરવામાં આવેલ ચેક વિતરણ અંગેનું લીસ્ટ રજુ કરવામાં આવેલ છે.

(૭.૧ ) ફરીયાદ પક્ષે આંક:૧૯૪ થી સાહેદ ભગવાનભાઈ પ્રસાદ ગંગારામ દાણીધારીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ સને ર૦૦૩ ની સાલમાં ઈલેકટ્રીકટ કોન્ટ્રાકટનો ધંધો કરતા હતા. આ ધંધો તેઓ સને ૧૯૮૮ થી ધંધો કરે છે. આ ધંધા અંગે તેઓ ઈન્કમ–ટેક્ષનું રીટર્ન ફાઈલ કરે છે જે કામ મહેશભાઈ ચાવડા સંભાળતા હતા. તેઓએ મહેશભાઈ ચાવડાને તેઓના ધંધાકીય હીસાબના સરવૈયા અને તેઓના સરનામાં અંગેની માહીતી આપેલી હતી તેમજ તેઓએ તેમના મકાનના વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ સરનામાંની સાબિતી માટે આપેલ હતો. આ દસ્તાવેજ આવેલ પ્લોટ નં.૧૦ વાળી જમીન અંગેનો હતો. તેઓ મહેશભાઈ ચાવડાને ઓળખે છે તેઓ કોર્ટમાં હાજર છે. તેઓ બનાવના અરસામાં કોઈ વ્યકિતના જામીન થયેલા નથી. ગૃહ ફાઈનાન્સની પ્રમુખસ્વામી આર્કેડ બીલ્ડીંગ માલવીયા ચોકમાં સુરેશભાઈએ લીધેલ લોન અંગે જામીન થયેલ નથી. આ અંગે જામીનપત્ર અને લોન અરજીમાં મે તેઓની જામીન અંગે કોઈ સહી કરેલ નથી. તેઓને મુદામાલ આર્ટી નં.૧૩ ના આંક–૧૦૫ પેરા નં.૧૩ ની નીચે તેઓએ જામીનદાર તરીકે કોઈ સહી કરેલ નથી તેઓને તેમાં જણાવેલ નામવાળી સહી તેઓની નથી. તેઓને મુદામાલ આર્ટી નં .ર૦ આંક–૧૦૭ ના પ્રથમ પેઈઝ પર તથા છેલ્લા પેઈઝ પર તેમાં

નામ જોતા જે સહી છે તે તેઓએ કરેલ નથી અને નામ જોગ જે સહી છે તે તેઓએ કરેલ નથી અને તેઓની નથી. તેઓને મુદામાલ આર્ટી નં.૧ ના પાના નં.૧૬ થી ૧૮ સુધીના કુલ ૬ કાગળો બતાવવામાં આવે છે તેમાં જે સહીઓ છે તે તેઓએ કરેલ નથી અને તેઓની નથી. તેઓને આંક–૧૭૫ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તે તેઓએ ફાઈલ કરેલ રીટર્ન નથી તેમાં જે સહી છે તે તેઓની નથી. તેઓને આંક–૧૭૬, ૧૭૭ વાળા દસ્તાવેજો બતાવવામાં આવે છે તેમાં તેઓના ધંધાકીય આવકના સરવૈયા નથી. પોલીસે તેઓને પૂછપરછ કરવા માટે બોલાવેલ હતા અને તેઓની પૂછપરછ કરેલી અને તેઓનો જવાબ લીધેલો. તેઓની જામીનદાર તરીકેની બનાવટી સહીઓ મહેશભાઈ ચાવડાએ કરેલી છે તેવું તેઓનું માનવુ છે.

(૮) ફરીયાદ પક્ષે આંક:૧૯૫ થી સાહેદ મગનભાઈ માવજીભાઈ કછેટીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગં દ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ રાજકોટ ખાતે જુન ૨૦૦૨ થી જુન ૨૦૦૫ સુધી સબ રજીસ્ટ્રાર રાજકોટ–૨ કોઠારીયા વિભાગમાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતાં હતા. તેમની ફરજમાં સાટાખત, વેચાણ દસ્તાવેજ વિ. દસ્તાવેજો પક્ષકારો રજુ કરે તો દસ્તાવેજોમાં પુરતી સ્ટેમ્પની ચકાસણી કરી ધોરણસર નોં ધણી ફી લઈ નોંધી આપવાનો હોય છે. તા.૦૭/૦૧/૨૦૦૩ ના રોજ તેઓ સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ પર હતા ત્યારે તેઓની પાસે ખરીદનાર શૈલેષભાઈ લવજીભાઈ પટેલને દેવશીભાઈ વેલજીભાઈ બોરડે રેવન્યુ સર્વે નં.૧૮૬ પૈકીની સુરભી કોમ્પ્લેક્ષની ફલેટ નં.બી–૨૦૨ વાળા ફલેટ નો કબજા રહીત સાટાખત નોંધણી માટે આપેલો છે. તેઓએ દસ્તાવેજ રજીસ્ટર નં.૭૦/૦૩ થી નોંધી આપેલ અને તેઓની રૂબરૂમાં દસ્તાવેજ તરીકે શૈલેષ લવજીભાઈ પટેલે કરેલો અને લખી આપ્યાની કબૂલાત દેવશીભાઈ વેલજીભાઈ બોરડે કરેલ અને તેની ઓળખાણ વિરેન્દ્રસિંહ ડી. રાઠોડ એડવોકેટ શ્રીએ આપેલી બાદ તેઓએ નોંધણી કરી સહી સિકકા કરેલા હતા.

તા.૧૬/૦૫/૨૦૦૩ ના રોજ તેઓ ફરજ પર હતા ત્યારે સર્વે નં. ૧૮૬ પૈકીનો સુરભી કોમ્પ્લેક્ષ ના ફલેટ નં.૨૦૧ તથા ૨૦૨ રૂા. ૧૦,૨૫,૦૦૦/- માં ફલેટનો વેચાણ દસ્તાવેજ પક્ષકાર ખરીદનાર શૈલેષભાઈ લવજીભાઈ પટેલ જોગ દેવશીભાઈ વેલજીભાઈ બોરડે કરી આપેલ હતો. જે દસ્તાવેજમાં રજુ કરનાર તરીકે વેચનાર દેવશીભાઈ વેલજીભાઈએ રજુ કરેલો અને કબૂલાતમાં દેવશીભાઈ વેલજીભાઈ બોરડે આપેલી જે દસ્તાવેજ મે ધોરણસર નોંધેલો અને તેમાં ઓળખાણ આપનાર તરીકે વી.ડી.રાઠોડ એડવોકેટે આપેલી. ત્યારબાદ મે દસ્તાવેજમાં સહી સિકકા કરી નોંધી મારી સહી કરેલી. તા.૨૨/૦૫/૨૦૦૩ ના રોજ તેઓ ફરજ પર હતા ત્યારે ખરીદનાર સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા જોગ વેચનાર દેવશીભાઈ વેલજીભાઈ બોરડે સર્વે નં. ૧૮૬ પૈકીની જમીન ઉપર આવેલ સુરભી કોમ્પ્લેક્ષમાં ફલેટ નં. ૧૦૧ તથા ૧૦૨ નો સાટાખત કબજા રહીત તેઓની સમક્ષ નોંધણી માટે આપેલો અને આ દસ્તાવેજમાં રજુ કરનાર તરીકે દેવશીભાઈ વેલજીભાઈએ સહી કરેલી અને તેઓની રૂબરૂ કબૂલાતમાં દેવશીભાઈ બોરડે લખી આપ્યાની કબૂલાત કરેલી અને ઓળખાણ આપનાર તરીકે વી.ડી.રાઠોડ એડવોકેટે સહી કરેલી જે તેઓએ ધોરણસર નોંધણી કરી અને તેઓની સહી સિકકા કરી આ દસ્તાવેજ ૨૩૭૮ થી નોંધેલ. તા.૨૦/૦૬/૨૦૦૩ ના રોજ તેઓ ફરજ પર હતા ત્યારે પક્ષકાર ખરીદનાર સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા જોગ વેચનાર દેવશીભાઈ વેલજીભાઈ બોરડે રેવન્યુ સર્વે નં.૧૮૬ પૈકી આવેલ સુરભી કોમ્પ્લેક્ષમાં ફલેટ નં.૨૦૧ તથા ૨૦૨ નો ફલેટનો વેચાણ દસ્તાવેજ રૂા.૧૦,૨૫,૦૦૦/- પૂરામાં નોંધણી માટે આપેલ અને આ દસ્તાવેજમાં રજુ કરનાર તરીકે દેવશીભાઈ વેલજીભાઈ બોરડે તેઓની રૂબરુ સહી કરેલી અને વેચનાર તરીકે દેવશીભાઈ વેલજીભાઈ બોરડે કબુલાત તરીકે સહી કરેલી તેમજ ઓળખાણ આપનાર તરીકે એડવોકેટશ્રી વી.ડી. રાઠોડે તેઓની રૂબરુ સહી કરેલી જેથી ધોરણસર ફી લઈ તેઓએ આ

દસ્તાવેજ રજીસ્ટાર ક્રમાક નં. ૨૮૨૮ થી નોંધી તેઓએ તેમની સહી કરી સીકકા મારી નોંધી આપેલ. તા. ૧૮/૦૨/૨૦૦૩ નારોજ તેઓ ફરજ પર હતા ત્યારે પક્ષકાર ખરીદનાર સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા જોગ વેચનાર દેવશીભાઈ વેલજીભાઈ બોરડે રેવન્યુ સર્વે નં. ૧૮૬ પૈકીના સુરભી કોમ્પલેક્ષમાં આવેલ ફલેટ નં. બી–૧૦૧, રૂા. ૫,૨૫,૦૦૦/– માં વેંચાણ દસ્તાવેજ નોંધણી માટે આવતા અને આ દસ્તાવેજ રજુ કરેલ તરીકે તેઓની રૂબરુમાં ખરીદનાર એસ.એમ. આસોડીયાએ સહી કરેલ અને રજુઆતમાં લખી આપનાર તરીકે દેવશીભાઈ વેલજીભાઈ બોરડે કબુલાત આપેલી અને દેવશીભાઈ બોરડની ઓળખાણ વી.ડી. રોઠોડ એડવોકેટશ્રીએ સહી કરી આપેલ જેથી તેઓએ ધોરણસર ફી લઈ આ દસ્તાવેજ ક્રમ નં. ૬૫૧ થી નોંધી ઓફીસના સહી સીકકા કરી તેઓની સહી કરી નોંધેલ છે. તા. ૧૮/૦૨/૨૦૦૩ નારોજ તેઓ ફરજ પર હતા ત્યારે પક્ષકાર રેખાબેન સુરેશભાઈ આસોડીયા ખરીદનાર જોગ દેવશીભાઈ વેલજીભાઈ બોરડે વેંચ નારે રેવન્યુ સર્વે નં. ૧૮૬ પૈકીની જગ્યા પર આવેલ સુરભી કોમ્પલેક્ષમાં ફલેટ નં. બી–૧૦૨ નો રકમ રૂા. ૫,૨૫,૦૦૦/– માં વેંચાણ દસ્તાવેજ નોં ધણી માટે આપેલો જેમાં રજુ કરનાર તરીકે તેઓની રૂબરુમાં દેવશીભાઈ વેલજીભાઈ બોરડે સહી કરેલી અને કબુલાતમાં દેવશીભાઈ વેલજીભાઈ બોરડે સહી કરેલી જેની ઓળખાણ એડવોકેટ વી.ડી. રાઠોડે આપેલી જેથી તેઓએ આ દસ્તાવેજ ક્રમ નં.૬૯૨ થી નોંધી ઓફીસ ના સહી સીકકા કરી તેઓની સહી કરી નોંધેલ છે. તા. ૦૩/૦૩/૨૦૦૩ નારોજ તેઓ ફરજ પર હતા ત્યારે પક્ષકાર ખરીદનાર મહેશ મગનભાઈ ચાવડા જોગ વેંચનાર દેવશીભાઈ વેલજીભાઈ બોરડે સર્વે નં.૧૮૬ પૈકીની જમીન પર આવેલ સુરભી કોમ્પલેક્ષનો ફલેટ નં. બી–૨૦૧ રકમ રૂા. ૪,૭૦,૦૦૦/– નો વેંચાણ દસ્તાવેજ નોંધણી માટે આવેલ જેમાં રજુ કરનાર તરીકે તેઓની રૂબરુમાં ખરીદનાર મહેશ મગનભાઈ ચાવડાએ સહી કરેલ અને દસ્તાવેજ લખી આપ્યાની કબુલાત દેવશીભાઈ

વેલજીભાઈ ચાવડાએ તેઓની રૂબરુમાં કરેલી અને તેઓની ઓળખાણ એડવોકેટ વી.ડી. રાઠોડે આપેલ જેથી તેઓએ ધોરણસર ફી લઈ આ દસ્તાવેજ ક્રમ નં. ૮૪૧ થી નોંધેલ જેમાં તેઓની કચેરીના સહી સીકકા અને તેઓની સહી કરી આપેલ છે. તેઓ રાજપીપળા સ્ટેમ્પ ડયુટી કચેરીમાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે અને ર૦૦૩ ની સાલમાં તેઓ રાજકોટ ખાતે સબ રજીસ્ટ્રાર ઝોન–ર કોઠારીયા વિભાગમાં સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા હતા તેઓને આંક–૧૦૮ નો મુદામાલ આર્ટીકલ નં.–૧૪ વાળો ફલેટ વેચાણનો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે તેઓ રાજકોટ ખાતે તા.૧૮/૦ર/ર૦૦૩ ના સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ ફરજ પર હતા ત્યારે તેઓની રૂબરૂ રજી. થયેલો તેજ છે જેને તેઓની કચેરીના અનુક્રમ નં.૬૯૧ થી ૧૮/૦ર/ર૦૦૩ ના ૧ નંબરની બુકમાં નોંધવામાં આવેલ આંક–૧૦૮ વાળો દસ્તાવેજ ખરીદનાર સુરેશભાઈ મોહનભાઈ આસોડીયાએ તેઓની સમક્ષ દસ્તાવેજ રજુ કરનાર તરીકે દસ્તાવેજ રજી કરી પોતાની સહી કર્યાની તે જ રીતે દસ્તાવેજ આ દસ્તાવેજ લખી આપનાર દેવશીભાઈ વેલજીભાઈ બોરડ નાઓએ તેઓની રૂબરૂ આ દસ્તાવેજના વેચનાર તરીકે સહી કરેલી અને તેને એડવોકેટ વી.ડી.રાઠોડનાઓએ ઓળખાણ આપનાર તરીકે તેઓની રૂબરૂ સહી કરેલી, અને દસ્તાવેજ રજીસ્ટ્રાર તરીકે તેઓની કચેરીમાં આ માટેની નિયત ફી લેવામાં આવે છે અને તેની પહોંચ તેઓની સહીથી આપવામાં આવે છે આંક–૧૦૮ માં જે ફી લેવામાં આવેલ હોય જેમાં શેરો કરવામાં આવેલ હોય તે અંગેની વિગત કરવામાં આવેલ અને તેમાં આપવામાં આવેલ રસીદના નંબર મે મારી જાતે લખેલ આ રસીદ તેઓને બતાવવામાં આવે છે જે આંક–૧૦૯ વાળી. આર્ટીકલ નં.૧પ તે જ છે જેમાં તેઓની સહી તથા હોદદાનો સિકકો છે જે દસ્તાવેજ એડવોકેટ વી.ડી.રાઠોડને મોકલાવવાનો હતો અને આ આંક–૧૦૮ ના રજી. દસ્તાવેજ રજી. કરનાર સુરેશ મોહન આસોડીયા એ તેઓના રૂબરૂ સહી કરેલી જે આંક–૧૧૦ થી રજુ છે. આર્ટીકલ નં.૧૭ નો

અસલ દસ્તાવેજ બતાવવામાં આવે છે જે તા.૧૮/૦૨/૨૦૦૩ ના રાજકોટ ખાતે સબ રજીસ્ટ્રાર તરીકેની ફરજ પર હતા ત્યારે તેઓની પાસે દસ્તાવેજ નોંધણી માટે આવેલ જેમાં સબ રજીસ્ટ્રાર તરીકે તેઓની સહીઓ છે. આંક–૧૧૦ માં આ દસ્તાવેજ રજી. કરનાર તરીકે દસ્તાવેજના વેંચનાર દેવશીભાઈ વેલજીભાઈ બોરડનાએ તેમની સમક્ષ દસ્તાવેજ રજુ કરેલો અને તેમાં તેઓની રૂબરૂ રજી કરનાર તરીકેની પાના નં.૪૧ પર સહી છે. આંક–૧૧૦ નો દસ્તાવેજ લખી આપનાર એટલે કે વેચનાર દેવશીભાઈ બોરડનાઓએ તા.૧૮/૦૨/૨૦૦૩ ના તેઓની રૂબરૂ હાજર થઈ પોતાની સહી કરી આપેલી. જે સહી તેઓ ઓળખી બતાવે છે અને તેની ઓળખ એડવોકેટ વી.ડી.રાઠોડે તેઓની રૂબરૂ કરેલી જે તેઓ ઓળખી બતાવે છે આંક–૧૧૦ નો દસ્તાવેજની નિયત ફી લેવામાં આવેલી તેની નોંધ દસ્તાવેજ દસ્તાવેજના પાના નં .૪ ઉપર તેઓએ કરેલ છે અને તેમાં પહોંચ નં.૧૩૮૧૧૪૩ નો પણ લખેલ છે અને આંક–૧૧૧ ની પહોંચ બતાવવામાં આવે છે જે તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલી તેઓની સહી સિકકા કરેલ છે જે દસ્તાવેજ વી.ડી. રાઠોડ એડવોકેટને મોકલાવેલ છે. આ પહોંચમાં તેઓની રૂબરૂ દેવશીભાઈ વેલજીભાઈ બોરડ એ તેઓની રૂબરૂ સહી કરેલી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આં ક–૧૦૮ અને આંક–૧૧૦ ના દસ્તાવેજમાં તેઓની સહીથી રજુ થયેલા અને વેચનાર દેવશીભાઈ વેલજીભાઈ બોરડ તરીકે જે માણસ તેઓની સમક્ષ આવી સહી કરેલી તે માણસ કોર્ટમાં હાજર છે તેઓની સમક્ષ હાજર છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક–૧૦૮ ના દસ્તાવેજ રજુ કરનાર સુરેશ મોહન આસોડીયા નાઓએ કોર્ટમાં હાજર હોય તો હું તેમને ઓળખી શકું નહી.

(૯) ફરીયાદ પક્ષે આંક:૧૯૬ થી સાહેદ દિલીપભાઈ જયંતીભાઈ મીઠાણીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત

જણાવે છે કે, તેઓ કોલડ્રીંગ્સનો ધંધો કરે છે આ ધંધો તેઓના બાપ દાદાના વખતથી કરે છે આ કોલ્ડ્રીંગ્સની દુકાન નવા ઘી કાંટા રોડ પર આવેલી. આ ધંધાને લગતુ ઈન્કમટેક્ષના રીટર્ન શારૂ તેઓ બનાવના સમયે તેઓએ તેમનું રીટર્ન મહેશભાઈ ચાવડા દવારા ભરાવતા હતા. આ ઈન્કમટેક્ષના રીટર્ન માટે તેઓએ આધાર પુરાવા તરીકે વિમા પોલીસીની પહોંચ અને આવક જાવક અંગેના સરવૈયા આપેલ હતા. તેઓ મહેશભાઈને ૨૫ વર્ષથી ઓળખે છે તેઓ તેમની બાજુમાં રહે છે તેઓ કોર્ટમાં હાજર છે. તેઓ સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા તથા રેખા બેન સુરેશભાઈ ને ઓળખતા નથી. તેઓએ ગૃહ ફાઈનાન્સમાંથી રૂા.૫.૫ લાખની લોનની રકમ અંગે માં ગણી કરેલ હતી તે અંગે તેઓ તેમના જામીન પડેલ નથી. તેઓએ લોનની રકમ અંગે કયારે માંગણી કરેલી તે તેઓ જાણતા નથી. તેઓને મુદામાલ આર્ટી નં.૧૨ તેનો આંક–૧૦૩ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તેના પ્રથમ પેઈઝમાં તેઓના નામની જોગ બે સહીઓ છે તે તેઓની નથી અને તેઓએ કરેલ નથી તેના છેલ્લા પેઈઝના પેરા નં. ૧૩ ની નીચે તેઓના નામની સહી છે તે તેમની નથી તેઓએ કરેલ નથી. તેમાં જે દુકાનનું સરનામું દર્શાવેલ છે તે સાચું છે અને રહેઠાણનું જે સરનામું દર્શાવેલ છે તે ખોટું છે તેમાં ખાત્રી કરનાર સી.જી.ખુમાણી લખેલું છે તેને તેઓ ઓળખતા નથી. તેઓને મુદામાલ આર્ટી.નં.૧૯ આંક–૧૦૬ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તેમાં તેઓના નામ જોગ જે સહીઓ છે તે તેઓની નથી અને આ સહી તેઓએ કરેલ નથી. તેમજ આ દસ્તાવેજના છેલ્લા પેઈઝ પર પારા નં.૧૩ નીચે તેઓના નામ જોગની જે સહી છે તે તેઓની નથી આ સહી તેઓએ કરેલ નથી. જે તેઓના ધંધાનું સરનામું જણાવેલ છે તે ખોટુ દર્શાવેલ છે અને રહેણાંકનું જે દર્શાવેલ છે તે ખોટું છે. તેમાં ખાત્રી કરનાર સી.જી.ખુમાણી વકીલને તેઓ ઓળખતા નથી. તેઓને મુદામાલ આર્ટી નં.૪ ના પાના નં.૧૯ થી ૨૪ વાળા કાગળો બતાવવામાં આવે છે જે ડ–૧૪૫ થી ડ–૧૮૦ સુધીની તેઓના નામ

જોગની જે સહીઓ છે તે તેઓની નથી અને તેઓએ કરેલ નથી. તેઓને આંક–૧૭૨ વાળો તેઓના નામ જોગનો સરલ ફોર્મ ઈન્કમટેક્ષ બતાવવામાં આવે છે તેમાં દર્શાવેલી વિગતો ખરી નથી. તેમાં તેઓની સહી નથી. પોલીસે ૨૦૦૩ ના વર્ષમાં મહેશભાઈ ચાવડાની પોલીસ દવારા ધરપકડ થઈ ત્યારે તેઓને બોલાવેલ ત્યાં તેઓની પૂછપરછ કરી જવાબ લીધેલો. તેઓ સુરેશભાઈ આસોડીયા તેમજ રેખાબેન સુરેશભાઈ આસોડીયાને ગૃહ ફાઈનાન્સ પ્રમુખ સ્વામી આર્કેટ બી વીંગ માલવીયા ચોક રાજકોટ મુકામેની ફાઈનાન્સ સંસ્થામાં કયારેય ગયેલા નથી અને કયારેય જામીન પડેલ નથી. તેઓને બતાવવામાં આવેલો દસ્તાવેજોમાં તેઓના નામ જોગ જે સહીઓ છે તે ડુપ્લીકેટ સહીઓ છે તે ખોટી છે તે સહીઓ તેઓએ કયારેય કરેલ નથી.

(૧૦) ફરીયાદ પક્ષે આંક:૨૦૨ થી પંચસાહેદ જાહીદભાઈ જમાલભાઈ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તા.૨૧/૧૧/૨૦૦૩ ના કોઈ વ્યકિતએ પંચમામાં સહી કરવા કહેલ તેઓને પંચનામુ બતાવવામાં આવે છે તેમાં તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે. આ કામે આંક–૨૦૩ થી પંચનામું રજુ કરવામાં આવેલ છે. આંક–૨૦૪ થી ડ/૩૭ થી ડ/૪૨, આંક–૨૦૫ થી ડ/૪૩ થી ડ/૪૮, આંક–૨૦૬ થી ડ/૪૯ થી ડ/૫૪, આંક–૨૦૭ થી ડ/૫૫ થી ડ/૬૦ રજુ કરવામાં આવેલ છે તેમજ આંક–૨૦૮ થી ડ/૬૧ થી ડ/૬૬, આંક–૨૦૯ થી ડ/૬૭ થી ડ/૭૨ તથા આંક–૨૧૦ થી આર્ટી. એન–૨ રજુ કરવામાં આવેલ છે.

(૧૧) ફરીયાદ પક્ષે આંક:૨૧૧ થી પંચસાહેદ કમલેશભાઈ વશરામભાઈ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, પોલીસે કોઈ વ્યકિત પકડેલ હોય અને તે સ્વ ખુશીથી કોઈ દસ્તાવેજો રજુ કરતા હોય તે

અંગેનું પંચનામું કરેલ અને તેમાં તેઓની પંચ તરીકે સહી કરાવેલ જે તેઓ ઓળખી બતાવે છે. આ કામે આંક–૨૧૨ થી પંચનામું, આંક–૨૧૩ થી આંક–૨૧૭ સુધી આર્ટી નં.૬ થી ૧૦ રજુ કરવામાં આવેલ છે.

(૧૨) ફરીયાદ પક્ષે આંક:૨૧૮ થી પંચસાહેદ હનીફભાઈ કાસમભાઈ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તા.૨૧/૧૧/૦૩ ના પોલીસે મને કોઈ વ્યકિત પકડાયેલી હોય અને જે લોનનાં કાગળમાં સહી કરેલી હોય તેમજ તેમની પાસેથી કુદરતી લખાણનાં દસ્તાવેજ કબજે લેવાનું પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ તેવું બનેલ નથી. પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી. તેઓને આંક–૨૦૩ વાળું પંચનામું બતાવેલ તે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. તેઓને આંક–૨૦૪ થી ૨૦૯ માં સહીનાં નમુનાનાં કાગળો બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તેઓની પંચ તરીકે સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને આંક–૨૧૦ ની ટેલીફોન ડાયરીના પાના બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે.

(૧૩) ફરીયાદ પક્ષે આંક:૨૧૯ થી પંચસાહેદ મુકુંદરાય કાસીરામ દવેન સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તા.૧૪/૧૦/૦૩ નાં પોલીસે તેઓને કોઈ વ્યકિત લોન પેપર્સના કાગળો રજુ કરતા હોય અને તે સબંધે પંચનામું કરવા પોલીસે તેઓને પંચમાં બોલાવેલ અને તેઓની હાજરીમાં પંચનામાનાં કાગળ થયા તેવું બનેલ નહી. તેઓને અસલ પંચનામું બતાવવામાં આવેલ જે જોઈને કહે છે કે તેમાં પંચ નં.–૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક–૨૨૦ થી અસલ પંચનામું, આંક–૨૨૧ થી ગૃહ ફાઈનાન્સ લોનનું અરજી ફોર્મ, આંક–૧૦૩ થી તથા આંક–૧૦૫

થી રજુ જામીનપત્ર, આર્ટીકલ ૧૪ નો ફલેટ વેચાણનો દસ્તાવેજ જે આંક–૧૦૮થી રજુ છે તેમજ આંક–૧૦૯ થી રજુ રજીસ્ટ્રાર ઓફીસની ફી ની રસીદ, આંક–૧૦૪ થી રજુ ગૃહ ફાઈનાન્સ લોન માટેનું અરજી ફોર્મમાં તેઓની પંચ તરીકે સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક–૧૧૦ નો ફલેટ વેચાણનો દસ્તાવેજ, આંક–૧૧૧ થી રજુ સબ રજીસ્ટ્રારની ફી ની પહોંચ, આંક–૧૦૬ તથા આંક–૧૦૭ થી રજુ જામીનપત્ર, આંક–૧૧૨ નું મકાન વપરાશનાં દાખલાની ટ્રુ કોપી માં તેઓની પંચ તરીકે સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

(૧૪) ફરીયાદ પક્ષે આંક:૨૨૨ થી પંચસાહેદ જયેશભાઈ રવિશંકર વ્યાસને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓને આંક–૨૨૦ નું પંચનામું બતાવવામાં આવે છે તે જોઈને તેઓ કહે છે કે તેમાં પંચ–૨ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેઓને આંક–૨૨૧,૧૦૩,૧૦૫,૧૦૮,૧૦૯,૧૦૪,૧૧૦,૧૧૧,૧૦૬,૧ ૦૭,૧૧૨નાં દસ્તાવેજો બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તેમાં તેઓની પંચ–૨ તરીકે સહી છે.

(૧૫) ફરીયાદ પક્ષે આંક:૨૨૪ થી સાહેદ કરશનભાઈ સવાભાઈ ગમારાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ ૨૦૦૩ ની સાલમાં રાજકોટ પીપલ્સ કો.ઓપ.બેંકની શાખામાં બ્રાંચ મેનેજર તરીકે સર્વિસ કરતા હતા અને ૨૦૦૩ ની સાલમાં તેઓની બેંકમાં સર્વિસ એકાઉન્ટ નબર ૧ કે જે આસોડીયા સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા રેખાબેન સુરેશભાઈનું હતુ તેઓની બેંકમાં સેવિંગ એકાઉન્ટ ખોલવા માટે નિયત ફોર્મ હોય છે અને આવા નિયત ફોર્મ ભરી તેની સાથે ખાતેદારે તેના ફોટા તેમજ પાન કાર્ડ અથવા પાન કાર્ડની અરજી કર્યાની અરજી ફોર્મ બેંકમાં રજુ કરવાનું હોય

છે અને આવા ખાતેદાર બેંકના હયાત ખાતેદાની ઓળખાણમાં સહી કરાવી બતાવવાની હોય છે. આવી ઓળખ આપનારનું ખાતું તેઓની બેંકમાં ચાલુ હોવું જોઈએ. તેઓ તેમની સાથે તેઓની બેંકનું જોઈન્ટ સેવિંગ્સ એકાઉન્ટ નં.૧૯૧ નું ઝેરોક્ષ બતાવેલ તેની અસલ તેઓ સાથે છે અને તેમાં મેનેજર તરીકે તેઓની સહી છે અને તેમાં ઓફીસર પી.કે.પટેલ અને તે સમયના કલાર્ક એસ.બી. પાડીયાની સહી છે. આ ફોર્મમાં પાછળ ખાતેદાર આસોડી યા સુરેશભાઈ મોહનભાઈ આસોડીયાની સહીનો નમુનો તેમજ ફોટો છે. તેમજ સહ ખાતેદાર રેખાબેન સુરેશભાઈ આસોડીયાની સહી તેમજ ફોટા છે જે ફોર્મની અસલ બતાવી તેની ઝેરોક્ષ નકલ આંક–૨૨૫ થી રજુ કરવામાં આવેલ છે. તેઓ તેમની સાથે ઉપરોકત ખાતાનું સ્ટેટમેન્ટ સાથે લાવેલ જે અસલ બતાવી જેની ઝેરોક્ષ નકલ આંક–૨૨૬ થી રજુ કરવામાં આવેલ છે.

(૧૬) ફરીયાદ પક્ષે આંક:૨૩૧ થી સાહેદ ચંદ્રકાંત લાલજીભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ મ્યુ. કોર્પોરેશન રાજકોટમાં આસીસ્ટન્ટ ટાઉન પ્લાનર તરીકે ટાઉન પ્લાનિંગ ખાતામાં ફરજ બજાવે છે. તેઓની બ્રાંચે રાજકોટ મ્યુ. કોર્પો. વિભાગમાં આવેલ મકાનના નકશાઓ મંજુર કરવા તેમજ બાંધકામની પરવાનગી માંગવા તેમજ બાંધકામ પુર્ણ થયે ચકાસણી થયે કર્યા બાદ નિયમ અને પ્લાન પ્રમાણે એવું બાંધકામ થયેલ હોય તેની ભોગવટા પુરવણી એટલે કે કમ્પ્લીયન સર્ટી આપવામાં આવે છે. કોઈપણ વ્યકિત પોતાના મકાનના બાંધકામ કરવા માટે આરએમસી માં અરજી આવે તે અરજી તેઓના રેકર્ડમાં એવી અરજીને નંબરમાંથી તે રેકર્ડમાં દાખલ કરવામાં આવે અને બાંધકામ પૂર્ણ થયે જયારે કમ પ્લીયન સર્ટી આપવામાં આવે ત્યારે તેની નોંધ રજીસ્ટ્રરમાં કરવામાં આવે અને આ તમામ રેકર્ડો તેઓના કાયમી રેકર્ડ તરીકે આરએમસીના નિયમ પ્રમાણે રાખવામાં આવે છે રાજકોટ

ડીસીબી પોલીસે તેઓની ઓફીસને હાલના કેસમાં બાંધકામ પરવાનગી સંબંધે માહીતી માંગતો પત્ર લખેલો જેનો તેઓની આરએમસીના તત સમયના આસીસ્ટન્ટ ટાઉન પ્લાનર શ્રીએ જવાબ આપેલ. તેઓની સાથે તેઓની કચેરીને આ કેસમાં સામેલ થતા બાં ધકામ પરવાનગી સબંધે અસલ રેકર્ડ સાથે નામદાર કોર્ટમાં હાજર થયેલ છે તેઓને તેમની કચેરીએ ડીસીબી પોલીસને પાઠવેલ પત્ર બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે તેઓની કચેરીએ ડીસીબી પોલીસને આપેલ જવાબ છે જે જોઈને કહુ છુ કે તેમાં જણાવ્યા પ્રમાણે ભોગવટા પરવાનગી નંબર ૦૦૦૩૧૧ તા.૧ ૭/૦૯/૧૯૯૭ જયોતી બેન એલ.પટેલને પેડક મેઈન રોડ, પટેલ વાડીની બાજુમાં સ્થળે ઈસ્યુ કરવામાં આવેલ છે. જે પત્રમાં જણાવ્યા પ્રમાણે ડીસીબી પોલીસે મોકલાવેલ નકલ જે નકલ તેઓની કચેરીના રેકર્ડ સાથે સુસંગત ન હતી જે મ્યુ. કોર્પો. નો જવાબ આંક-૨૩૨ થી રજુ કરવામાં આવેલ છે. જેમાંથી મકાન બનાવટનો દાખલો એટલે કે કમ્પ્લીસન સર્ટી. તા.૧૭/૦૯/૧૯૯૭ નં.૦૦૦૩૧૧ જયોતીબેન એલ. પટેલના નામનું છે. જેમાં બાંધકામ પરવાનગી નં .૬૪૯ તા.૧૭/૦૮/૧૯૯૬ ની છે આ બાંધકામ પરવાનગીનો નં બર તેઓના લીસ્ટમાં નોંધાવેલ હોય અને તે લીસ્ટમાં બાંધકામના વપરાશનો દાખલો આપવામાં આવે ત્યારે તેના કમ્પ્લીશન સર્ટી.ના દાખલાનો જે નંબર ક્રમમાં આવતો હોય તેની જેતે સમયે નોંધ આવા લીસ્ટમાં લખી આ નંબર સામેલ કરવામાં આવેલ તેઓ તેમની સાથે જયોતીબેન એલ.પટેલ બાંધકામ પરવાનગી નં.૬૪૯ અને મકાન વપરાશના દાખલા નં.૦૦૦૩૧૧ લઈ આવેલ છે. જેની ખરી નકલ રજુ કરે છે જે આંક-૨૩૩ થી રજુ કરવામાં આવેલ છે. તેઓની સાથે જયોતીબેન એલ.પટેલને તેની અરજી અન્વયે અપાવવામાં આવેલ બાંધકામ પરવાનગી રેકર્ડ સાથે લઈ આવેલ છે. જે અસલ બતાવી તેની ખરી નકલ રજુ કરેલ છે જે જયોતીબેન બાંધકામ પરવાનગી નં.૦૦૦૬૪૯ તા.૧ ૭/૦૮/૧૯૯૬ ની છે. જે આંક-૨૩૪ થી રજુ કરવામાં આવેલ છે.

તેઓની કચેરીનું બાંધકામ તથા કોમ્પ્લીશન બુક રજીસ્ટર અસલ સાથે લઈ આવેલ જે અસલ બતાવી તેની ખરી નકલ રજુ કરે છે જેમાં અનુ.નં.૬૪૯ ઉપર જયોતીબેન પટેલના નામે બાંધકામની અરજી બતાવતાં પરવાનગી આપતા ધારાધોરણ મુજબ બાંધકામ પૂર્ણ થતા કમ્પ્લીશન માપ્યાની નોંધ કરાયેલ છે જેમાં કમ્પ્લીશન નં. તારીખના ખાનામાં કમ્પ્લીશન નં.૩૧૧ તા.૧૭/૦૯/૧૯૯૭ નો કલેઈમ કરાયેલ છે. એટલે કે બાંધકામ પરવાનગી નંબર ૬૪૯ ની જયોતીબેનને તેના પેડક રોડ ખાતેના પ્લોટ નં.૨૭૨૭૨૭૪ પૈકીના બાંધકામ માટે કમ્પ્લીશન સર્ટી નં.૩૧૧ તા.૧૭/૦૯/૧૯૯૭ ના રોજ આપવામાં આવેલ તેઓના નિયત રજીસ્ટર પ્રમાણે અરજી નંબર ૬૪૯ અને કમ્પ્લીશન નં.૩૧૧ અનુક્રમમાં જ આપવામાં આવે જે અન્ય કોઈ વ્યકિતને આપવાનો હોતો નથી. અને એજ રીતે તેઓના રજીસ્ટર પ્રમાણે જે વ્યકિતએ બાંધકામની અરજી કરેલ હોય તેમને કમ્પ્લીશન સર્ટીફિકેટ આરએમસી એ આપેલ ન હોય તો કમ્પ્લીશનના કોલમમાં તે ખાલી રાખવામાં આવેલ હોય એટલે કે ત્યાં નોંધ કરવામાં આવેલ ન હોય એટલે કે તેઓના રજીસ્ટરમાં  કમ્પ્લીશન નંબર ટેબલના ખાનામાં કોઈ નોંધ ન હોય તો તેઓની કચેરીએ આવુ કોઈ કમ્પ્લીશન સર્ટી. આપ્યું ન હોય તેવું નકકી થાય અને જો આપવામાં આવ્યું હોય તો ચોકકસ તેની નોંધ આ અરજીમાં થાય. બાંધકામને કમ્પ્લીશન બુકના રજીસ્ટરનુ ૬૪૯ નંબર વાળા પાનાની ખરી નકલ તેઓએ આંક–૨૩૫ થી રજુ કરેલ છે. ડીસીબી પોલીસે તેઓની કચેરીને જે બાંધકામની પરવાનગી માટે પૂછાણ કરાવેલું તેની રેકોર્ડ પણ તેઓ સાથે લાવેલ છે બાંધકામ પરવાનગી નંબર ૦૦૧૪૫૨ તા.૦૫/૦૩/૧૯૯૯ જે દેવશીભાઈ વેલજીભાઈ બોરડના નામની અરજી અન્વયે અપાયેલ છે. જે બાં ધકામ પરવાનગી અસલ બતાવી તેની ટ્રુ કોપી આંક–૨૩૬ થી રજુ કરવામાં આવેલ છે તેઓ પોતાની સાથે બાંધકામ કમ્પ્લીશન બુક રજીસ્ટર અસલ સાથે લઈ આવેલ છે જેના અનુ.નં.૧૪૫૨ ના પાનાની અસલ બતાવી ખરી નકલ રજુ કરે છે. જે આંક–૨૩૭ થી રજુ

કરવામાં આવેલ છે. આંક–૨૩૭ માં ૧૪૫૨ નંબર કે જે દેવશીભાઈ વેલજીભાઈ બોરડના નામની વ્યકિત અરજદાર છે. અને તેમણે સર્વે નં.૨૮૬ પૈકી પ્લોટનું ૪/એ હિમાલુણા ગટીયાની ટાટીને તે જગ્યા માટે બાંધકામની પરવાનગી માંગેલ છે. આંક–૨૩૭ ના માપ રેકર્ડ પ્રમાણે કમ્પ્લીશન નંબર અને તારીખના કોલમમાં કોઈ હકીકત દર્શાવેલ નથી. એટલે કે તેઓના રેકર્ડ પ્રમાણે નંબર ૧૪૫૨ ને કોઈ કમ્પ્લીશન સર્ટી. એટલે કે મકાન વપરાશનો દાખલો કચેરી તરફથી ઈસ્યુ કરાયેલ નથી. તેઓને આંક–૧૧૧ મુદામાલ આર્ટી.૨૧ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે તે મકાન વપરાશનો દાખલો દેવશીભાઈ બોરડના નામનો વપરાશ દાખલા નં.૦૦૦૩૧૧ તા. ૧૮/૦૯/૨૦૦૦ નો હોય તેવું જણાય છે. અને તેમાં દર્શાવ્યા પ્રમાણે બાંધકામ પરવાનગી નંબર ૧૪૫૨ તા.૦૫/૦૩/૧૯૯૯ ની છે. પરંતુ તેઓના રેકર્ડ પ્રમાણે તે નં.૧૪૫૨ તા.૦૫/૦૩/૧૯૯૯ ની છે. પરંતુ તેઓના રેકર્ડમાં આંક–૨૩૭ માં નંબર ૧૪૫૨ નું કમ્પ્લીશન સર્ટી. ઈસ્યુ કરેલ હોય તેવુ રેકર્ડમાં નોંધ નથી. એટલે કે આરએમસી એ અને તેઓની શાખાએ તેઓના રેકર્ડ પ્રમાણે નં.૧૪૫૨ ને કોઈ કમ્પ્લીશન સર્ટી. આપવામાં આવેલ નથી. જો આપવામાં આવેલ હોય તો તેની નોંધ તેઓના રેકર્ડમાં જરૂર હોય.

(૧૭) ફરીયાદ પક્ષે આંક:૨૪૬ થી સાહેદ ચંદ્રપાલ ગોરાભાઈ ખુમાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ છેલ્લા પંદર વર્ષથી વકીલાતનો વ્યવસાય કરે છે. અને જરૂર પડયે ઓળખપત્ર અસીલને આપે છે. આજથી આશરે ચાર પાંચ વર્ષ પહેલા તેઓની પાસે બે જણ આવેલા અને તેઓને ગૃહ ફાયનાન્સ લી.ના ફોર્મમાં જામીન ખાત્રી આપવા ઓળખ આપવાનું જણાવતા તેઓએ તે ફોર્મમાં જામીનની ઓળખ તરીકેની આઈડેન્ટીફીકેશન કરી આપેલ. આર્ટીકલ નં.૧૨ જે આંક–૧૦૩ થી રજુ છે તે જોઈને કહે છે કે આ ફોર્મમાં વિઠલાણી દિલીપભાઈ જેન્તીભાઈની તેઓએ ઓળખાણ

આપેલ છે અને તેમાં તેઓની સહી તથા સિકકો છે. તેઓને આર્ટી. નં.૧૩ આંક–૧૦૫ થી રજુ છે જે જોઈને કહે છે કે ભગવતીપ્રસાદ ભગવાનદાસ દાણીધરીયાની તેઓએ ઓળખ અપેલી જે આ ફોર્મમાં છેલ્લા પાનાના ઉપર તેઓની સહી તથા એડવોકેટનો સિકકો છે જે જોઈને કહે છે તેઓને આર્ટીકલ ૧૯ કે જે આંક–૧૦૬ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે દિલીપ જેન્તીલાલ મિઠલાણીની તેઓએ ઓળખ આપેલ છે તેમાં તેઓની સહી તથા એડવોકેટનો સિકકો છે તેમજ આર્ટીકલ ૨૦ આંક–૧૦૭ જોઈને કહે છે કે ભગવતીપ્રસાદ ગંગારામ દાણીધરીયાની તેઓએ ઓળખ આપેલ છે તેમાં તેઓએ ઓળખનાર ની સહી સિકકા કરેલ છે તેઓએ ઉપરોકત તમામ દસ્તાવેજમાં જે સહીઓ કરેલી તે સહીઓ તે વ્યકિતઓ તેઓની પાસે આવીને વાત કરેલ કે લોન લેવી છે અને મેનેજર સાહેબે ઓળખ માટે વાત કરેલ છે જેથી ઓળખ આપવા તેઓને જણાવતા તેઓએ ઓળખ આપેલ છે મીઠાણી દિલીપભાઈ જેન્તીભાઈ અત્યારે કોર્ટમાં હાજર છે કે કેમ તેને ઓળખું નહી તેમજ કોઈપણ વ્યકિતની ઓળખ આપેલ હોય બનાવને ઘણો સમય થયેલ હોય તેને ઓળખી શકે નહી.

(૧૮) ફરીયાદ પક્ષે આંક:ર૪૬(એ) થી સાહેદ મહેશભાઈ શેવંતીલાલ શાહને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ ગાંધીનગર ખાતે ડીરેકટર ઓફ ફોરેન્સિક સાયન્સમાં હેડ રાઈટીંગ અને ફોટો ગ્રાફિક બ્યુરોમાં આસિસ્ટન્ટ એકિઝીમીનર ઓફ કવેશ્ચન ઓફ ડોકયુમેન્ટ તરીકે છેલ્લા ૧૦ વર્ષથી ફરજ બજાવે છે તેઓએ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ક્રિમીનોલોજી એન્ડ ફોરેન્સિક સાયન્સ નવી દિલ્હીમાં ડિપ્લોમાં ડોકયુમેન્ટ એકિઝીમી નેશનનો કોર્ષ કરેલ છે આ કોર્ષ દરમીયાન દસ્તાવેજોને લગાવી થીયોરોટીકલ અને પ્રેકિટકલ તાલીમ મેળવેલ છે આ કોર્ષ દરમીયાન તેઓએ જુદા જુદા રાજયોની એફ.એસ.એલ. સિકયુરીટ તથા

કેન્દ્ર સરકાર સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી તથા હૈદરાબાદ, સીમલા અને કલકતા ખાતેની ગર્વમેન્ટ કવેશ્ચન એકઝામીનેશ કે જે કેન્દ્ર સરકારની સંસ્થા છે તદઉપરાંત નાસીક ખાતે કરન્સી નોટ પ્રેસ દેહરાદુન ખાતેની ફોરેસ્ટ રિસર્ચ ઈન્સ્ટીટયુટમાં પણ તાલીમ મેળવેલ છે તાલીમ દરમીયાન દસ્તાવેજોને લગતી થિયોરીટીકલ અને જુદા જુદા રાજયોમાં નામ. કોર્ટોમાં પ્રેકિટકલ તાલીમ મેળવેલ છે આ કોર્ષ તેમને સફળતાપુર્વક ઉતિર્ણ કરેલ છે તેઓએ તેમની નોકરી દરમીયાન દસ્તાવેજોને લગતી અસંખ્ય કેસોની અસંખ્ય દસ્તાવેજો ઉપર તપાસણી કરી તેના ઉપર અભિપ્રાય આપેલ છે અને રાજયોની જુદી જુદી કોર્ટોમાં જુબાની આપેલ છે આ કેસમાં દસ્તાવેજો પોલીસ કમિશ્નરશ્રી રાજકોટના પત્ર ક્રમાંક પી.સી.બી./હસ્તાક્ષર/૨૬/૦૩/૪૫૧/૦૪,તા.૨૪/૦૫/૨૦૦ ૪ ના પત્ર સહીત પોલીસ ઈન્સ્પેકટરશ્રી ડી.સી.બી. રાજકોટ શહેરના પત્રક ક્રમાંક ડી.સી.બી./૬૩૩/૧૦૬૮/૦૪ તા. ૨૪/૦૫/ ૨૦૦૪ થી તેઓની કચેરીને મળેલ જેના હાસીયામાં તેઓના મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંત ગુણા સાહેબની સહી છે જે તેઓ ઓળખે છે તે જ રીતે તા.૦૫/૧૨/૨૦૦૩ ના પત્રથી પી.સી.બી./હસ્તાક્ષર /૨૬/૮૩૬/૦૩ ના પત્રથી આ કામમાં ભાગ ૧–૨–૩ સાથે હસ્તાક્ષર નમુનાઓ ચકાસણી માટે તેઓની કચેરીમાં પત્ર આવેલ જે પત્રમાં પણ તેઓના મુખ્ય હસ્તાક્ષર નિષ્ણાંતશ્રી પટેલની સહી છે જે ઓળખી બંને પત્રો અને ભાગવાળા પત્રો સહીત રજુ કરેલ છે જે પુરાવામાં આંક–૨૪૭ તથા આંક–૨૪૮ થી રજુ આ કામમાં ભાગ–૧ કે જે તા.૫/૧૨/૨૦૦૩ ના પત્રથી તેઓને ડીસ્ટયુટેડ દસ્તાવેજો ડી/૧ થી ડી/૧૬ સુધીના દસ્તાવેજો મળેલા જે આ પ્રમાણે છે. આંક–૨૨૧ વાળુ વ્યકિતગત લોન માટે અરજી ફોર્મ જોઈને કહે છે કે, તેના છેલ્લા પાને માર્ક ડી/૧ તથા ડી/૨ લાલ બોલપેનથી સર્કલ કરી બતાવેલ છે જે તેઓએ તપાસેલ તેમાં તેઓની ટૂંકી સહી અને તેઓની કચેરીનો એબી કેસ નં.આપેલ છે. તે તેજ છે. આંક–૧૦૩ જે આર્ટીકલ નં.૧૨ જામીનપત્ર જોઈને કહે

છે કે, આ દસ્તાવેજ પણ ભાગ–૧ માં ડી/૩ તરીકે દર્શાવેલ અને લાલપેનથી સર્કલ કરી ડી/૩ દર્શાવેલ છે જુ તેઓએ તપાસેલ તે તેજ છે જેમાં તેઓએ તેમની કચેરીના એ/બી લખી ટૂંકી સહી કરેલ છે જે આંક–૧૦૩ થી રજુ થયેલ છે તે તેજ છે. આ જ દસ્તાવેજમાં તેઓને તપાસ અર્થે મળેલો. આંક–૧૦૫ નો જામીનપત્ર આર્ટી.નં. ૧૩ જોઈને કહે છે કે જે તેઓને ભાગ–૧ તપાસ અર્થે મળેલો તેમાં લાલપેનથી કુંડાળુ કરી ડી/૪ દર્શાવેલ છે તે તેઓએ તપાસીને તેઓની કચેરીનો એબી કેસ નં. અને તેમાં તેઓની સહી છે તે તેજ છે. આંક–૧૦૮ નો દસ્તાવેજ જોઈને કહે છે કે, તેના પાના નં.૧૨ ઉપર લાલશાહીથી ડી/૫ અને ડી/૬ વાળી સહીઓ જે તેઓએ ગોળ સર્કલમાં બતાવેલ છે તે તેજ તેમજ પાના નં.૧૩ ઉપર લાલ પેનથી ડી/૭ દર્શાવીને સહી સર્કલમાં બતાવેલ છે જે ડી/૫, ડી/૬ અને ડી/૭ ની સહીઓ ભાગ–૧ દસ્તાવેજમાં મળેલી જે સહીઓ તેઓએ તપાસેલ અને તેઓની કચેરીના એબી કેસ નંબર આપી તેઓએ સહી કરેલ છે તે તેજ છે. આર્ટીકલ ૧૫ આંક–૧૧૫ વાળો દસ્તાવેજ જોઈને કહે છે કે તેમાં લાલ પેનથી સર્કલ કરી ડી/૮ દર્શાવેલ છે તે સહી વાળો દસ્તાવેજ ભાગ–૧ સાથે મળેલો જે સહી તેઓએ તપાસેલી અને તેઓની કચેરીના એબી/કેસ નંબર લખી તેઓએ તેમની ટૂંકી સહી કરેલ છે તે તેજ છે. આર્ટી. ૧૬ કે જે આંક–૧૦૪ થી રજૂ છે તે દસ્તાવેજ પાના છેલ્લા ઉપર ડી/૯ અને ડી/૧૦ વાળી લાલ સર્કલમાં દર્શાવેલ છે તે સહીઓ વાળો દસ્તાવેજ ભાગ–૧ સાથે મળેલો અને તપાસેલો. તેમાં તેઓની કચેરી એબી/કેસ નંબર લખી ટૂંકી સહી કરેલ છે જે તેજ છે. આર્ટી. ૧૭ જે આંક–૧૧૦ થી રજૂ છે દસ્તાવેજ તેઓને ભાગ–૧ સાથે મળેલ તેના પાના નંબર–૧૨ ઉપર ડી/૧૧ અને ડી/૧૨ તથા પાના નં.૧૩ ઉપર ડી/૧૩ લાલ સર્કલમાં બતાવેલ સહીઓ તેઓએ તપાસેલી અને તેઓની કચેરીના એબી નંબર લખી ટુંકી સહી કરેલ છે જે તેજ છે. આર્ટી.૧૮ કે જે આંક–૧૧૧ થી રજૂ છે જે દસ્તાવેજ

ભાગ–૧ સાથે મળતા તેમાં લાલપેનથી સર્કલ કરેલી ડી/૧૪ ની સહી તેઓએ તપાસી તેમાં એબી નંબર લખી ટૂંકી સહી કરેલ છે તે તેજ છે આર્ટી. ૧૯ કે જે આંક–૧૦૬ થી રજૂ છે તે દસ્તાવેજ ભાગ–૧ સાથે મળતા તેના છેલ્લા પાને લાલ પેનથી સર્કલ કરેલ. ડી/૧૬ થી સર્કલ કરી સહી બતાવેલ છે જે દસ્તાવેજ ભાગ–૧ સાથે મળતા આ સહી તેઓએ તપાસી એબી/કેસ નં બર લખી ટૂંકી સહી કરી તે તેજ છે. તેઓને આ પત્ર સાથે ભાગ–ર ના ડ/૧ થી ડ/૩૬ સુધી અંગ્રેજીમાં એસએમ અને ગુજરાતીમાં આસોડીયા તરીકેનો નમૂનાઓ તેઓએ તપાસેલા જેમાં એબી/કેસ નં બર લખી ટુંકી સહી કરેલ છે જે આંક–૨૪૯ થી રજૂ કરવામાં આવેલ છે. આર્ટી. રર આંક–ર૦૪ થી રજૂ છે તે સહીના નમૂના ડ/૭ર જોઈને કહે છે કે જે તેઓએ તપાસીને એબી/કેસ નંબર લખી ટુંકી સહી કરેલ છે. આર્ટી. ર જોઈને કહે છે કે તેમાં ડ/૭૩ થી ડ/૧૦૮ સુધી નમુનાની સહીઓ જે ભાગ–ર સાથે મળેલ છે તે તપાસીને એબી/કેસ નંબર લખી ટૂંકી સહી કરેલ છે જે દસ્તાવેજ રજુ છે તે તેજ છે જે આં ક–ર૫૦ થી રજૂ છે. તેઓને આર્ટી. ૩ વાળા દસ્તાવેજો જે ભાગ–ર સાથે મળેલ તેની સહીઓ ડ/૧૦૯ થી ડ/૧૪૪ સુધી તપાસી એબી/કેસ નંબર લખી ટૂંકી સહી કરેલ છે જે દસ્તાવેજ રજૂ છે તે તેજ છે જે આંક–ર૫૧ થી રજુ છે. તેઓને આર્ટી.૪ ના દસ્તાવેજો જે ભાગ–ર સાથે મળેલ તે ડ/૧૪૫ થી ડ/૧૮૦ સુધીના તપાસી તેમાં એબી/કેસ નંબર લખી ટૂંકી સહી કરેલ છે તે તેજ છે જે આંક–ર૫ર થી રજુ છે. તેઓને આર્ટી. ૫ ના દસ્તાવેજો જે ભાગ–ર સાથે મળે છે તેમાં સહીઓના ડ/૧૮૧ થી ડ/૨૧૬ સુધી એબી/કેસ નંબર લખી ટુંકી સહી કરેલ છે જે તેઓએ તપાસેલ છે તે તેજ છે જે આંક–ર૫૩ થી રજુ કરવામાં આવેલ છે. તેઓને આ પત્ર સાથે ભાગ–૩ ના એન/૧ એન/૪ રકમના કુદરતી લખાણના મળેલ જે આ મુજબ હતા. તેઓને આર્ટીકલ ૧૦ વાળા આંક–ર૧૬ થી રજુ થયેલા માર્ક એન/૧ બતાવેલ ડાયરી તપાસી તેમાં ના લખાણોને એન/૧/૧ થી એન/૧/૫ માર્ક આપી એબી કેસ નં

બર લખી ટુંકી સહી કરેલ છે તે તેજ છે. તેઓને એન/૨ વાળી ડાયરી જે ભાગ–૩ સાથે મળેલ જે આર્ટીકલ ૨૩ વાળી આંક–૨૧૦ થી રજૂ છે તે ડાયરી તેઓએ તપાસેલ માર્ક એન/૨ વાળી એબી/કેસ નં. લખી ટુંકી સહી કરેલ છે. તેઓને આર્ટીકલ ૭ કે જે આંક–૨૧૩ થી રજુ છે તે પત્ર તેઓ એ ભાગ–૩ સાથે મળતા તેઓએ તેમનું લખાણ ચકાસણી કરેલી અને એબી/ કેસ નંબર લખી ટુંકી સહી કરેલ તે તેજ છે તેઓને આર્ટી. ૮ આંક–૨૧૪ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે તેમાં તેઓએ માર્ક એન/૩/૧ આપી તપાસી ને એબી/કેસ નંબર લખી ટુંકી સહી કરેલી જે તેજ છે. તેઓને આર્ટી. ૯ વાળા આંક–૨૧૫ ની ડાયરી કે જે ભાગ–૩ સાથે મળેલ છે તેમાં તેઓને એન/૪/૧ થી એન/૪/૬ માર્ક આપી એબી/કેસ નં બર લખી ટુંકી સહી કરેલ છે તે તેજ છે. તેઓને તા.૨૪/૦૫/૨૦૦૪ નાં પત્ર આંક–૨૪૭ થી રજૂ છે તે પત્રમાં એન/૧ થી એન/૪ ના કુદરતી દસ્તાવેજો કે જે પહેલા પત્રમાં રાખેલા છે તેવું લખેલુ આ સાથે એન/૧ થી એન/૪ ના દસ્તાવેજો મળેલ નથી. બન્ને પત્રો વચ્ચેના દસ્તાવેજો એન/૧ થી એન/૪ સુધીના પહેલા પત્રોના તે જ છે. આ આંક–૨૪૮ વાળા પત્રથી મળેલ અસલ દસ્તાવેજનું વૈજ્ઞાનિક અને તલસ્પર્શી પરિક્ષણ કરેલ. લાલકુંડાળા વાળી સહીઓ માર્ક ડી/૨ અને માર્ક ડી/૯, વાદળી કુંડાળાવાળી સ્ટાન્ડર્ડ સહીઓ માર્ક ડ/૩૭ થી ડ/૭૨, અને એન/૨ ના લખનારે લખેલ છે. લાલકુંડાળા વાળી તકરારી સહીઓ માર્ક ડ/૩ અને ડ/૧૫ વાદળી કુંડાળાવાળા સ્ટાન્ડર્ડ લખાણો અને સહીઓ માર્ક ડ/૧૦૯ થી ડ/૧૪૪, ડ/૧૪૫ થી ડ/૧૮૦ એન/૩ અને એન/૩/૧ ના લખનારે લખેલ છે તકરારી સહીઓ લાલકું ડાવાળી માર્ક ડ/૪, ડ/૫, ડ/૭ ડ/૧૧, ડ/૧૩, ડ/૧૪ અને ડ/૧૬ વાદળી કુંડાળાવાળી સ્ટાન્ડર્ડ લખાણો અને સહીઓ માર્ક ડ/૧૮૧ થી ડ/૨૧૬, એન/૪/૧ થી એન/૪/૬ અને (ડ/૨૮૯ થી ડ/૩૨૪, ડ/૩૨૫ થી ડ/૩૬૦ કે જે એબી કેસ નંબર ૨૦૩/૪ ના નમૂના), લાલકુંડાળા તકરારી સહીઓ માર્ક ડ/૬

અને ડ/૧૨ વાદળી કુંડાળાવાળી સ્ટાનડર્ડ લખાણો અને સહીઓ માર્ક ડ/૩૧ થી ડ/૩૬, ડ/૭૩ થી ડ/૧૦૮ અને એન/૧/૧ થી એન/૧/૫ સાથે સરખાવતા કોઈ અભિપ્રાય આપી શકાયેલ નથી. અભિપ્રા ય તા.૩૧/૭/૨૦૦૪ ના રોજ આપેલ છે જે અભિપ્રાયમાં તેઓની તથા તેઓના પેનલ એકસપર્ટ શ્રી એચ.એમ. બોઘાણી ની સહી છે. તેઓ પણ તેઓના ઓપીનીયન સાથે સહમત હતા અને સહી કરેલ છે જેથી ઓપીનીયનમાં સહી કરેલ છે જે ઓળખી બતાવે છે. જે આંક–૨૫૪ થી રજુ કરવામાં આવેલ છે. ઉપરોકત અભિપ્રાય ઉપર આવવાના કારણો પાના નં.૨ થી ૮ રજૂ કરેલ છે જે આંક–૨૫૫ થી રજૂ છે જે કારણો તેઓએ જણાવેલ વિગત તેઓએ અભિપ્રાય આપેલ જેમાં તેઓની સહી છે. તેઓએ જે અભિ પ્રાય આપેલ તે અસલ દસ્તાવેજોના આધારે આપેલ છે.

(૧૯) ફરીયાદ પક્ષે આંક:૨૬૦ થી સાહેદ હિના જગદિશચંદ્ર ધકાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ રાજકોટ શહેરમાં ચૌદેક વર્ષથી વકીલાતનો વ્યવસાય કરે છે. આ વ્યવસાય દરમ્યાન કોઈને લોન લેવા માટે ટાઈટલ કલીયર રીપોર્ટની જરૂર પડે તો તેઓ આપે છે. આ બારામાં સુરેશભાઈ મોહનભાઈની લોન તેઓની ઓફીસે આવી તેઓને કહેલ કે તેઓને ટાઈટલ રીપોર્ટ લોનના કામમાં આપવા જણાવતા તેઓએ તેમને ફાઈલ લઈ આવવા કહેલ બાદમાં તેમને ગૃહ ફાઈનાન્સમાં લોન લેવા માટે બી–કોમ્પ્લેક્ષ સુરભી કોમ્પ્લેક્ષ પૈકીના ફાઈલો પ્રોપર્ટી ખરીદ કરવા અંગેની ફાઈલોની ઝેરોક્ષ તેઓની પાસે રજુ કરેલી. જેથી તેઓએ આ ફાઈલો જોઈ સબ રજીસ્ટાર કચેરીમાં છેલ્લા ૧૩ વર્ષનું કરેલું. આ ફાઈલ દેવશીભાઈ દવારા વેલજીભાઈની ફાઈલ હતી. તેઓએ દેવશી વેલજીભાઈ બોરડના નામની ટાઈટલ કલીયર આપેલ છે. જે ટાઈટલ કલીયર રીપોર્ટ બતાવવામાં આવે તો તે તેઓ ઓળખી શકે. તેઓને અસલ ટાઈટલ કલીયર રીપોર્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં

તેઓની સહી છે જે તેઓએ સુરેશ મોહનભાઈને ગૃહમાંથી લોન લેવા આપેલ. તે આંક–૨૬૧ થી રજુ છે. તેમજ આ ટાઈટલ રીપોર્ટ આપવા અરજી કરેલ તેની રીસીપ્ટ જે બન્ને રીસીપ્ટો ઓળખી બતાવે છે જે આંક–૨૬૨ થી રજૂ છે. જે ભાઈ તેઓની સાથે ટાઈટલ કલીયર રીપોર્ટ લેવા આવેલા તેઓને હાલ ઓળખી શકે નહી. કારણકે તેમને તેઓએ ટાઈટલ કલીયર રીપોર્ટ આપ્યા બાદ જોયેલ નથી. ગેરેજ બનાવવા નો સમય ઘણો થયેલ હોય. જેથી તેમને ઓળખી શકે નહી.

(૨૦) ફરીયાદ પક્ષે આંક:૨૬૪ થી સાહેદ આબીદભાઈ મુરૂદીનભાઈ ભારમલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ જીવન કો.ઓપ. બેંકમાં ૩૦ વર્ષોથી નોકરી કરે છે. તેઓની બેંક માં સુરેશભાઈ મોહનભાઈ આસોડીયાની લોન એકાઉન્ટ ખાતું હતું અને તે મશીનરી લેવા માટે લીધેલ જેના એકાઉન્ટના ૨૨૩ મશીનરી છે જેનો બેન્ક સ્ટેટમેન્ટ સાથે લાવેલ છે તે જોઈ કહે છે કે તા.૫/૩/૦૩ ના રોજ રૂ.૬,૬૦,૦૦૦/– તેમના ખાતામાં રોકડા જમા કરાવેલ છે તે જે બેંક સ્ટેટમેન્ટ કોમ્પ્યુટર રાઈઝડ રજુ કરે છે જે આંક–૨૬૫ થી રજુ છે. તેઓ સુરેશભાઈ મોહનભાઈ ની સભાસદ અરજી લાવેલ છે તેમાં તે સભાસદ અરજી તથા તેમાં એસ.એમ.આસોડીયાની સહી અને ફોટો છે. જેની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે. જનરલ મેનેજર ડી.પી. વ્યાસની સહી છે જે તેઓ ઓળખે છે અને તે આંક–૨૬૬ થી રજુ કરેલ છે.

(૨૧) ફરીયાદ પક્ષે આંક:૨૬૮ થી સાહેદ ચૈતન્ય સુરેન્દ્રભાઈ એજારીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તા.૦૫/૧૨/૦૩ ના રોજ કમિશ્નર ઓફ ઈન્કમટેકસ ઓફીસ રાજકોટના કમીશ્નર તરીકે ફરજ બજાવતા હતા. આ સમય

દરમ્યાન રજી. કચેરીમાંથી એક લેખીત માહિતી બાબતે તેઓને જણાવેલ તેમાં શ્રીમતી જયોતીબેન શૈલેષભાઈ પટેલ, શૈલેષભાઈ લવજીભાઈ પટેલ, સુરેશ મોહનભાઈ આસોડીયા અને રેખાબેન સુરેશભાઈ આસોડીયા ના ઈન્કમટેક્ષ અંગે માહિતી પૂછાવેલી જે અંગે તેઓની કચેરીમાંથી માહિતી આપવામાં આવેલી કમિશ્નર સાહેબના હેડ કવાર્ટરમાં ડયુટી પર હતા સામાન્ય રીતે ઓફિસથી પ્રોસીજર પ્રમાણે આ પ્રકારની કોઈ પણ માહિતી જે તે ઓફિસર પાસેથી મંગાવીને જોઈન્ટ કમીશ્નર તેમજ કમીશ્નર દવારા મોકલાવવામાં આવતી હોય છે. અસલ રેકર્ડ રાજકોટની કચેરીમાં કમીશ્નરશ્રી–૧ ના તાબા હેઠળ છે. તેઓ હાલ મુંબઈ ખાતે ડે.કમીશ્નર તરીકે ફરજ બજાવે છે અને જેતે રેકર્ડના કોઈ અરજી રજુ કરવાનું ખાસ અધિકાર ક્ષેત્રમાં નથી. રેકર્ડ રજુ કરવા જે તે અધિકારીઓને બોલાવી શકે  તેઓએ જે પત્ર ફોરવર્ડીંગ લખેલો તેમાં તેઓની સહી છે જે ઝેરોક્ષ નકલ આંક–૨૬૯ થી રજુ રાખવામાં આવેલ છે.

(૨૨) ફરીયાદ પક્ષે આંક:૨૭૬ થી ત.ક.અ. રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ગોહીલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગં દ ઉપરની જુબાનીમાં એવી હકિકત જણાવે છે કે, તેઓ સને ૨૦૦૩ ની સાલમાં ડી.સી.બી. શાખામાં પો.સ.ઈ. તરીકે તેઓની ફરજ હતા ત્યારે ગઈ તા.૦૮/૧૦/૨૦૦૩ ના રોજ રાજેશભાઈ એમ.બારોટ બ્રાન્ચ મેનેજર ગૃહ ફાયનાન્સ લી.  રહે રાજકોટ વાળાઓએ તેઓના રૂબરૂ પોતાની લેખીતમાં ફરીયાદ આપેલ કે સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા, રેખાબેન સુરેશભાઈ આસોડીયા તથા તપાસમાં મળી આવે તે સખ્સો વિરૂધ્ધનાઓએ પૂર્વઆયોજીત કાવતરુ રચી એક બીજાને મદદગારી કરી દેવશી વેલજીભાઈ બોરડ કે જેઓ તા.૦૯/૦૬/૨૦૦૧ ના રોજ અવસાન પામેલ હોય અને તેની રણછોડનગરમાં મ્યુનીશીપલ વિસ્તારમાં રેવન્યુ સર્વે નં.૧૮૬ પૈકીના પ્લોટ નં.૪ ની જમીન ચો.મી.૨૩૫–૫૪ ઉપર બાંધવામાં

આવેલ સુરભી કોમ્પ્લેક્ષના ફલેટ નં.બી/૧૦૧ નુ સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા નાઓએ રાજકોટ રજી.કચેરીમાં અનુ.નં.૬૯૧ /૨૦૦૩ તા.૧૮/૦૨/૨૦૦૩ ના તથા રેખાબેન સુરેશભાઈ આસોડીયાના સદરહું કોમ્પ્લેક્ષના ફલેટ નં.બી/૧૦૨ રાજકોટ રજી. કચેરીના અનુ.નં.૬૯૨/૨૦૦૩ તા.૧૮/૦૨/૨૦૦૩ ના રોજ દેવશીભાઈ વેલજીભાઈ બારડ તેઓને સદરહુ ફલેટ વેચાણ આપેલ છે તેવો ખોટો વેચાણ દસ્તાવેજ તૈયાર કરી આ દસ્તાવેજ સદરહું બેંકમાં અન્ય દસ્તાવેજો સાથે તા.૧૨/૦૨/૨૦૦૩ ના રોજ રજુ કરી અનુક્રમે લોન ખાતા નં.૨૦૧/૯૭૬૮ તથા ૨૦૧/૯૭૬૯ થી કુલ રૂપીયા ૧૦ લાખની લોન મંજુર કરાવી તે રૂપીયા પોતાના ફાયદા સારૂ ઉપાડી લઈ ખોટા દસ્તાવેજ ઉભા કરી તે ખોટા હોવાનું જાણવા છતા ખરા તરીકે બેંકમાં રજુ કરી બેંક સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરેલ હોય તે બાબતેની ધોરણસરની ફરીયાદ આપતા ફરજ પરના પી.એસ.ઓ.એ ગુન્હા રજી. નં.૪૨૪/૨૦૦૩, આઈ.પી.સી. કલમ-૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧,૩૪,૧૨૦ બી મુજબ ગુન્હો રજી કરી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસ સંભાળી લીધેલ. તેઓને કોર્ટ રેકર્ડમાંથી ડેપ્યુટ હુકમ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. આંક-૨૭૭ થી ડેપ્યુટ હુકમ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ રાજકોટ પીપલ્સ કો. ઓપરેટીવ નાઓએ આસોડીયા સુરેશભાઈ મોહનભાઈ તથા રેખા બેન સુરેશભાઈ નાઓને તારીખ ૦૧/૦૪/૨૦૦૨ થી તા.૦૯/૧૨/૨૦૦૩ સુધીનું સેવીંગ અકાઉન્ટનું સ્ટેટમેન્ટ મોકલેલ જે તેઓને બતાવવામાં આવે છે જે તે જ છે. જે આંક-૨૭૯ થી રજુ કરવામાં આવેલ છે. બાદ તેઓએ તપાસના કામે તા. ૨૧/૧૧/૨૦૦૩ ના રોજ કલાક ૧૫:૩૦ વાગ્યે ડી.સી.બી. શાખામાં પંચ જાહીદભાઈ બેલીમભાઈ તથા હનીફભાઈ જુણેજા નાઓની હાજરીમાં રેખાબેન સુરેશભાઈ નાઓના સહીના નમુનાઓ મેળવેલ તેમજ તેઓએ તેમના હસ્તાક્ષરમાં લખેલ ટેલીફોનની ડાયરી જેના પાના નંગ-૬ જે

પંચનામાંની વિગતે કબ્જે લીઘેલ. તેઓએ પંજાબ નેશનલ બેંકમાં તેના તથા તેના પતિના નામે લોન લીઘેલ તે લોન અરજીના ફોર્મ તથા ઈનકલોઝર એસીમાં તેણે પોતાની સહીઓ કરેલ હોય જે કાગળો પંચનામાંની વિગતે કબ્જે કરી તે પંચનામામાં બે પંચોની સહી લીઘેલ અને રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. તેઓને કોર્ટ રેકર્ડ માંથી આંક–૨૦૩ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે તે જ છે. તેમજ તેઓએ કબ્જે લીઘેલ દસ્તાવેજ તથા સહીના નમુનાઓ આંક–૨૦૪ થી ૨૧૦ સુધીના છે તે તેજ છે. બાદ તપાસના કામે તેઓએ તા.૧ ૩/૧૦/૦૩ ના કલાક ૧૨:૦૦ વાગ્યે ડી.સી.બી. શાખામાં પંચ કમલેશભાઈ લીંબડીયા તથા જુસબભાઈ સેખનાઓની હાજરીમાં અશ્વીનભાઈ મગનભાઈ ચાવડા કે જે મહેશભાઈ મગનભાઈ ચાવડાના ભાઈ થતા હોય અને તેઓ તેનું કુદરતી લખાણ રજુ કરતા હોય જે એક ટેલીફોનની ડાયરી તથા એક કોરા કાગળમાં ઉપરના ભાગે ચીત્રકુટમાં બાલાજી હેડીંગ લખેલ તેમજ બીજા આરોપીઓના પણ કુદરતી લખાણના નમુનાઓ પંચનામાંની વિગતે કબ્જે કરી તે પંચનામામાં બે પંચોની સહી મેળવી રૂબરૂ તરીકે તેઓએ કબ્જે લીઘેલ કુદરતી લખાણ આંક–૨૧૩ થી આંક –૨૧૭ સુધીના છે જે તે જ છે. બાદ તેઓએ તપાસના કામે તા. ૧૪/૧૦/૨૦૦૩ ના ક.૧૮:૦૦ વાગ્યે ડીસીબી શાખામાં પંચ મુકુન્દભાઈ દવે તથા જયેશભાઈ વ્યાસનાઓની હાજરીમાં આ કામના ફરીયાદી રાજેશકુમાર મનજીભાઈ બારોટનાઓ આ કામના આરોપી સુરેશભાઈ મોહનભાઈ આસોડીયાઓએ બેંકમાં રજુ કરેલ તથા ભરેલ ડોકયુમેન્ટ રજુ કરતા હોય તે પંચનામાંની વિગતે કબ્જે કરી તે પંચનામામાં બે પંચોની સહી મેળવી રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ જે પંચનામું આ કામે આંક–૨૨૦ થી રજુ છે તે તેજ છે. તેમજ તેઓએ કબ્જે લીઘેલ દસ્તાવેજો આંક–૨૨૧, ૧૦૩ થી આંક–૧૦૮ તથા ૧૧૦ થી આંક–૧૧૨ સુધીના છે જે તેજ છે. બાદ તપાસના કામે તેઓએ સાહેદ દીલીપભાઈ જેન્તીભાઈ મીઠાણી તથા ચન્દ્રપાલ ગોરાભાઈ ખુમાણ એડવોકેટ તથા સબ

રજીસ્ટ્રાર એમ.એમ.કચેટીયા તથા ભગવતીપ્રસાદ ગંગારામ તથા નિયતીબેન દીપેન્દ્રભાઈ તથા સી.એસ.અંજારીયા તેમજ કરમણભાઈ સવાભાઈ ગમારા તથા સીરીસભાઈ દેવશીભાઈ તથા કમલેશભાઈ વસુભાઈ વિગેરે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. બાદ તેઓ તપાસના કામે એફ.એસ.એલ. કચેરી, ગાંધીનગર નાઓને ક્રમાંક ૬૩૩/૨૭૭૮/૨૦૦૩ તા.૦૩/૧૨/૨૦૦૩ ના રોજ તકરારી દસ્તાવેજોની ચકાસણી કરી અભિપ્રાય આપવા બાબ તે પત્ર લખેલ જેની સાથે તેઓએ ભાગ–૧ તકરારી દસ્તાવેજ તથા ભાગ–૨ સહીના નમુના તથા ભાગ–૩ કુદરતી દસ્તાવેજ તથા ભાગ–૪ પ્રશ્નોતરી તથા ચેક લીસ્ટ સાથે એફ.એસ.એલ. કચેરીનાઓએ મોકલેલ જે તેઓને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આંક–૨૮૦ થી રજૂ ચેક લીસ્ટ આવે એફ.એસ.એલ. ના ને મોકલેલ ત્યારબાદ તેઓએ તા.૨૪/૦૫/૨૦૦૪ ના રોજ ડીસીબી/૬૩૩/૧ ૦૬૮/૨૦૦૪ ના રોજ એફએસએલ કચેરી કુદરતી દસ્તાવેજ ભાગ–૩ માં જરૂરી ફેરફાર કરી ભાગ–૩ નું ફોર્મ તૈયાર કરી આ પત્ર સાથે મોકલેલ અને તેની ચકાસણી કરી અભિપ્રાય આપવા બાબતે પત્ર લખેલ જે પત્ર તેઓને બતાવવામાં આવે છે જે પત્ર તથા કુદરતી દસ્તાવેજ ભાગ–૩ બંનેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખે છે આંક–૨૮૧ થી રજૂ અભિપ્રાય આપવા બાબતના પત્ર ત્યારબાદ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ નાઓને ક્રમાંક પીસીબી/હસ્તાક્ષર/૨૬/૮૩૬/ ૨૦૦૩ તા.૦૫/૧૨/૨૦૦૩ ના રોજ એફએસએલ કચેરી ગાંધીનગર નાઓને દસ્તાવેજોની ચકાસણી કરી અભિપ્રાય મોકલી આપવા બાબત પત્ર લખેલ જેમાં નાયબ પોલીસ કમિશ્નર નાઓની સહી છે જે આ કામે આંક–૨૪૮ થી રજુ છે તે જ છે. બાદ એફ.એસ.એલ. કચેરીનાઓ દવારા ફસલ/ એચપીબી/એબી/૧૮૭/૦૪/બીએસએસ/૨૩૩/૨૦૦ તા. ૧૧/૦૮/ ૨૦૦૪ ના રોજ પોલીસ કમીશ્નર સદરહુ દસ્તાવેજ મળી ગયા અને તેની પહોંચ આપેલ જે આંક–૨૮૨ થી રજુ કરવામાં આવેલ

છે. બાદ એફએસએલ કચેરી ગાંધીનગરનાઓ દવારા સદરહુ દસ્તાવેજોની ચકાસણી કરી તેનો અભિપ્રાય મોકલાવવામાં આવેલ જે આ કામે આંક–૨૫૪ થી રજુ છે તે તેજ છે. બાદ તેઓએ ગુન્હાના કામે એફએસએલ ગાંધીનગરને રીપોર્ટ કરી અભિપ્રાય માંગેલ તે અભિપ્રાય આવી જતા ચાર્જશીટમાં હેન્ડરાઈટીંગ એકસપર્ટ ને ચાર્જશીટમાં સાક્ષી તરીકે ઉમેરો કરવા માટે પત્ર લખેલ જે તેઓને બતાવવામાં આવે છે જે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૨૮૩ થી રજુ છે. બાદ આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોઈએથી ઓળખી શકે.

(૨૩) ફરિયાદપક્ષ તરફે હાલના કામે રજૂ થયેલ સમગ્ર પુરાવાઓનું ન્યાયિક મૂલ્યાંકન કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૦૧ ધ્યાને લેતા તહોમતદારો વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષના શીરે રહે છે.

(૨૪) સદર કામે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અંગેનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામ આંક–૭ર થી ફરીયાદી રાજેશભાઈ મૂળજીભાઈ બારોટની જુબાની થયેલ છે તેમજ આંક–૯૯ થી ફરીયાદ રજુ થયેલ છે. મુખ્યત્વે ફરીયાદીએ તેમની જુબાનીમાં હાલના આરોપી વિરૂધ્ધ જણાવેલ છે કે, તેઓ ૧૯૯૮ થી ૨૦૦૩ સુધી ગૃહ ફાયનાન્સ લી.માં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા આ તે વખતે સુરેશભાઈ મોહનભાઈ કે જે ૨૦૦૩ માં મારી પાસે લોન માટે માહિતી લેવા આવેલા તેઓ તેમના અને તેમના પત્નિ રેખાબેનના નામે લોન લેવા માંગતા હતા. તેવું તેઓએ મને જણાવેલ તેઓ ગૃહ ફાયનાન્સમાં કામ કરતા નિયતીબેનને મળેલા નિયતીબેને મને સુરેશભાઈ અને રેખાબેનના આવકની ચકાસણી કરેલી તેમજ ફાઈનલ મંજુર થયા બાદ તેઓના ફોર્મ ભરાવેલા તેઓએ ૫,૦૦,૦૦૦/– ની લોન માટે અરજી કરેલી બને લોન અરજીમાં મારી રૂબરૂ સહી કરેલી સુરેશભાઈ અને રેખાબેન, દેવશીભાઈનામની વ્યકિત પાસેથી મકાન ખરીદવા માંગતા હતા. જેઓના દસ્તાવેજો લીધેલા. સુરેશભાઈ અને રેખાબેને પાંચ–

પાંચ લાખની લોન મેળવેલી અને લોન લઈ ત્રણ ચાર મહિના સુધી નિયમીત હપ્તા ભર્યા ત્યારબાદ તા.૨૦/૦૯/૨૦૦૩ ના રોજ પો.સ.ઈ. ડી.સી.બી. રાજકોટનો પત્ર અમારા બેંક મેનેજરને મળેલો અને લોનમાં જે દસ્તાવેજ રજુ કરેલા તેની ઝેરોક્ષ માંગેલી પોલીસે દસ્તાવેજો કેમ માંગેલા તેની તપાસ કરેલી. જે મિલકત ઉપર સુરેશભાઈ અને રેખાબેને લોન મેળવેલી તે સુરભી કોમ્પ્લેક્ષ ફ્લેટ નં.બી–૧૦૧, ૧૦૨ દેવશીભાઈ વેલજીભાઈ બોરડના આ તેઓ તા. ૦૯/૦૬/૨૦૦૧ માં ગુજરી ગયેલ છે. સુરેશભાઈ અને રેખાબેને લોન લેવા માટે જે દસ્તાવેજ રજુ કરેલા તે ખોટા હતા કારણ કે દેવશીભાઈ બોરડ ગુજરી ગયેલ હતા. તેવી હકીકત ફરીયાદીએ તેમની જુબાનીમાં જણાવેલ. સદર સાહેદની જુબાનીની હકિકત ધ્યાને લેતાં આરોપી રેખાબેન સુરેશભાઈ તેઓની પાસે આવેલ હોય અને રેખાબેન સુરેશભાઈએ તેમની રૂબરૂ ખોટા દસ્તાવેજો રજુ કરેલ હોય તેવી હકિકત સદર સાહેદની જુબાનીની હકિકતમાં જણાઈ આવતી નથી. સદર સાહેદે દસ્તાવેજો નિયતીબેન પાસેથી રજુ થયેલા તેવી હકિકત જણાવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ દેવશીભાઈ વેલજીભાઈ બોરડ સને ૨૦૦૧ માં ગુજરી ગયેલા તેઓનો ખોટો વેચાણ દસ્તાવેજ સને ૨૦૦૩ માં બનાવી તે રજુ કરી તેના ઉપર લોન મેળવેલી તેવો આરોપી ઉપર તહોમત છે. સદર કામે દેવશીભાઈ વેલજીભાઈ બોરડ ૦૯/૦૬/૨૦૦૧ ના રોજ ગુજરી ગયેલ છે. તે બાબતે પોલીસે કોઈ તપાસ કરેલ નથી, કે તે બાબતે કોઈ સાહેદના નિવેદન લીધા નથી. અને દેવશીભાઈ વેલજીભાઈ બોરડ ગુજરી ગયા હોય તેનો મરણ દાખલો પણ રજુ થયેલ નથી.

સદર કામે આંક–૧૧૦ થી દેવશીભાઈ વેલજીભાઈ બોરડ તથા રેખાબેન સુરેશભાઈ વચ્ચે થયેલ રજીસ્ટર્ડ સાટાખત આંક–૧૧૦ થી રજુ થયેલ છે. સદર કામે સબ રજીસ્ટ્રાર કચેરી રાજકોટના સાહેદ મગનભાઈ માવજીભાઈ કછેટીયાએ આંક–૧૯૫ થી જુબાનીમાં જણાવેલ છે કે, સુરભી કોમ્પ્લેક્ષ ફ્લેટ નં.બી–૧૦૧ અને ૧૦૨ ના સાટાખત તા.૨૨/૦૫/૨૦૦૩ ના રોજ દેવશીભાઈ વેલજીભાઈ બોરડે સાટાખત રજીસ્ટર્ડ થવા મુકેલા દેવશીભાઈ વેલજીભાઈ બોરડે રૂબરૂમાં સહી કરેલી અને ઓળખાણ વિરેન્દ્ર ડી. રાઠોડે આપેલી જે દસ્તાવેજ ક્રમ નં.૬૯૨ થી નોંધેલો તેવી હકીકત જુબાનીમાં જણાવે છે. વધુમાં સદર કામે આંક–૨૬૦ થી ટાઈટલ કલીયર સર્ટીફાઈડ આપનાર સાહેદ હિના જગદિશચંદ્ર ધકાણ

નાઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ચૌદ વર્ષથી વકીલાતનો વ્યવસાય કરે છે. તેઓ ટાઈટલ કલીયર સર્ટીફિકેટ પણ કાઢી આપે છે. તેઓએ સુરેશભાઈ મોહનભાઈને લોન માટે સુરભી કોમ્પ્લેક્ષની પ્રોપર્ટી ના ટાઈટલ કલીયર સર્ટીફિકેટ કરી આપતા જે ફાઈલ દેવશીભાઈ વેલજીભાઈ બોરડની મિલકતની હતી તેનું ટાઈટલ કલીયર સર્ટીફિકેટ કરી આપેલ તેવી હકિકત જુબાનીમાં જણાવેલ છે. ઉપર સાહેદની જુબાનીની હકિકત ધ્યાને લેતા સાટાખત રજીસ્ટર કરનાર રજીસ્ટાર અને સદર સાટાખત વાળી મિલકતનું ટાઈટલ કલીયર સર્ટી. આપનાર સાહેદે ખોટી રીતે નોંધી ખોટુ બનાવી આપેલ હોય તેવી હકિકત રેકર્ડે આવતી નથી. વધુમાં જો દસ્તાવેજ ખોટી રીતે નોંધેલ હોય અને ખોટુ ટાઈટલ કલીયર સર્ટીફિકેટ આપેલ હોય તો તેઓની સામે પણ ગુન્હો દાખલ થયેલ હોત જેથી પણ રજીસ્ટર સાટાખત અને ટાઈટલ કલીયર સર્ટીફિકેટ ખોટા હતા તે હકિકત શંકાજનક બનેલ છે. ફરીયાદપક્ષ દેવશીભાઈ વેલજીભાઈ બોરડ મરણ ગયેલ હોવાની હકિકત પણ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આરોપી રેખાબેન સુરેશભાઈ નાઓએ જે ખોટા બનાવટી દસ્તાવેજ બનાવેલ હોય તેમાં તેની સહી પણ હેન્ડરાઈટીંગ એકસપર્ટ દવારા દસ્તાવેજ રેખાબેન સુરેશભાઈએ બનાવટી, ખોટા બનાવેલાનું પુરવાર થતુ નથી. સદર કામે આંક–૨૫૪ થી એફ.એસ.એલ. અભિપ્રાય રીપોર્ટ રજુ થયેલ છે. જે રીપોર્ટ મુજબ આરોપી રેખાબેન સુરેશભાઈની સહી આંક–૧૨૧,૧૦૪ વાળો દસ્તાવેજ લોન અરજી ફોર્મે ડી ૨ અને ડી ૯ ની રેખાબેન સુરેશભાઈની સહી તેમના ૩૬ સહીના નમુના ડ ૩૭ થી ડ ૭૨ વાળા જે આંક–૨૦૪ થી ૨૦૯ થી રજુ છે તે સરખાવતા મેચ થાય છે તેવો આંક–૨૫૪ ના એફ.એસ.એલ. અભિપ્રાય આપેલ છે. ડી ૨ અને ડી ૯ વાળી સહી રેખાબેન સુરેશભાઈએ લોન અરજી ફોર્મમાં કરેલ છે. તે નમુના એફ.એસ.એલ. અધિકારીએ તેમના રીપોર્ટમાં ૩૬ સહીના આને મેચ થાય છે તેવો રીપોર્ટ આપેલ છે. પરંતુ જે રજીસ્ટર સાટાખત વાળો દસ્તાવેજ ખોટા અને બનાવટી બનાવેલ છે તેમાં રેખાબેન સુરેશભાઈની સહી હોય અને તે સહી એફ.એસ.એલ.માં મેચ થાય છે તેવી હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. એફ.એસ.એલ. અધિકારી આંક–૨૪૬ એ મહેશભાઈ શેવંતીભાઈ શાહે ફોરેન્સીક હેન્ડરાઈટીંગ એકસપર્ટ તરીકે સહીના નમુનાનું પરીક્ષણ કરી રીપોર્ટ આપેલ છે અને તેમના અભિપ્રાય ઉપર આવવાના કારણો તેમના રીપોર્ટમાં દર્શાવેલ છે તેવી હકિકત જુબાનીમાં જણાવે છે. પરંતુ સાહેદે તેની જુબાનીમાં અભિપ્રાય પર આવવાના કારણો

જણાવેલ નથી. સદર કામે રજુ ખોટા અને બનાવટી દસ્તાવેજોમાં રેખાબેનનું સહી જણાતી નથી. સદર કામે ફરીયાદપક્ષે આરોપી રેખાબેન સુરેશભાઈ નાઓએ ગૃહ ફાયનાન્સની ખોટી લોન લેતી વખતે દસ્તાવેજ રજુ કરેલ છે તેમાં ખોટા અને બનાવટી વ્યકિતની હાલના આરોપીએ સહી કરેલી હોય તેવી હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જે દસ્તાવેજ રજુ થયેલ છે તેમાં આરોપી રેખાબેન સુરેશભાઈની સહી નથી. વધુમાં લોનની માહિતી મેળવવા સુરેશભાઈ મોહનભાઈ બેન્ક મેનેજર પાસે ગયેલા રેખાબેન સુરેશભાઈએ તેઓની રૂબરૂમાં કોઈ દસ્તાવેજ રજુ કરેલ હોય તેવું બેન્ક મેનેજર જણાવતા નથી. સુરેશભાઈ મોહનભાઈ રેખાબેનની લોન માટે ઈન્કવાયરી કરવા ગયેલા જેથી લોન માટે જરૂરી દસ્તાવેજો સુરેશભાઈએ રજુ કરેલ છે કે રેખાબેને જાતે રજુ કરેલ છે તે હકિકત પુરવાર થતી નથી વધુમાં, આરોપી સુરેશભાઈ મોહનભાઈ આસોડીયા નાઓએ પોતાનો ગુનો કબુલ રાખેલ છે તે સંજોગોમાં પણ હાલના આરોપી નં.૪ રેખાબેન સુરેશભાઈ નાઓએ ખોટા અને બનાવટી દસ્તાવેજો રજુ રાખેલ હોય તે હકિકત શં કા જનક બનેલ છે અને પુરાવા વિશ્વાસનીય જણાઈ આવતા નથી અને આવા શંકા જનક પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. **૧૯૯૭(૧) જી.સી.ડી. પેજ નં.૮, ગુજરાત, રાયસીંગ લાલસીંગ દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરીયાદ પક્ષના કેસમાં મહત્વનો વિરોધાભાષ રહેલ હોય અને ફરીયાદી સાહેદો જણાવતા હોય તેવો બનાવ ડાઉટફુલ જણાતો હોય તો તેવા સંજોગોમાં આરોપીને બેનીફીટ ઓફ ડાઉટ મળે. સદર ચૂકાદામાં પણ જણાવેલ છે કે, સાહેદોની જુબાનીમાં જયારે મહત્વનો વિરોધાભાષ રહેલ હોય ત્યારે તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને સજા કરી શકાય નહીં. ફરીયાદ પક્ષની એ જવાબદારી છે કે, સચોટ, સાચો અને વિશ્વસનીય પુરાવો રજુ કરવો જોઈએ. ફોજદારી જયરીસ્પુન્ડન્સનો પાયાનો સિધ્ધાંત ધ્યાનમાં લેવામાં આવે તો ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવો જોઈએ અને તે પણ સચોટ અને વિશ્વસનીય પુરાવાથી અને ફરીયાદ પક્ષના પુરાવામાં થોડી પણ વિશ્વસનીયતા ઘટે કે તેમાં શંકાને સ્થાન રહેલ હોય તો તેનો લાભ અવશ્યપણે આરોપીને આપી શકાય. હાલના કેસમાં ફરીયાદપક્ષ આરોપી નં.૪ વિરૂધ્ધ કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. ફરીયાદ પક્ષ આરોપીઓ સામે મુકવામાં આવેલ ભારતીય દંડ સહિંતાની કલમ-૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧

,૩૪,૧૨૦ બી મુજબના ગુનાના તત્વો શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of ***1991[1] G.L.R. 226***[1]***LILUBHA MAHOBATSING Vs. STATE OF GUJARAT*** that in criminal trial, necessity of proving the guilt of Accused beyond reasonable doubt rest on prosecution and where the result rests only on inferences or conjections, that approach which helps the Accused must be accepted and further held that when there is demarcating line between "Facts Proved" and Fact Not Proved", then benefit must go to Accused.

(૨૫) ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂઘ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે. પરંતુ સદર કેસમાં ફરીયાદ પક્ષ મુકેલા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જયારે ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદોની જુબાની અને ફરીયાદ વચ્ચે સુંસંગતતા ન હોય ત્યારે મુકેલા આક્ષેપો મુજબના ગુનાઓ આરોપીઓએ કર્યા અં ગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીઓએ ગનો કર્યા એની થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. ક્રિમીનલ જસ્ટીસનો મૂળભુત સિઘ્ધાંત છે કે, ભલે સો આરોપીઓ છુટી જાય, પરંતુ એક નિર્દોષને સજા થવી જ ન જોઈએ. ક્રિમીનલ જયુરીસ્પુડન્સના પ્રસ્થાપિત સિઘ્ધાંતો અને ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ ઘ્યાને લેતા, જો રજ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો તે આરોપી નં.૪ ને તકસીરવાન ઠરાવવા પુરતા નથી. ફરીયાદ પક્ષે રજુ કરેલ આરોપી વિરૂઘ્ધનાં પુરાવાઓ પુરવા થતા ન હોવાથી, આરોપી વિરૂઘ્ધ અપુરતો પુરાવો મળી આવતા સદર આરોપીને શંકાનો લાભ મળવા પત્ર છે અને જો આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનું જણાય આવે છે. જેથી આવા સંજોગોમાં મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદા નં.ર નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

---

1***LILUBHA MAHOBATSING Vs. STATE OF GUJARAT : 1991[1] G.L.R. 226***

## –:: <u>હુકમ</u> ::–

૧. આ કામના આરોપી નં.૪ રેખાબેન સુરેશભાઈ આસોડીયા, રહે. નારાયણનગર મેઈન રોડ, ડી ડી ટેક્સટાઈલ સામે રણછોડ નગર, રાજકોટ, તા.જી.રાજકોટ વાળાને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે રાજકોટ શહેર ''એ'' ડીવીઝન પોલીસ સ્ટેશન ફ. ગુના રજીસ્ટર નં.૪૨૪/૨૦૦૩, આઈ.પી.સી. ની કલમ–૪૦૪,૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૭,૪૬૮,૪૭૧ ,૩૪,૧૨૦ બી મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમા અપીલ થાય તો તેવા સંજોગોમા એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ની કલમ–૪૩૭એની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમા આરોપીએ રૂા. ૧૦,૦૦૦/–ના અપીલ સમયના નવા જામીનખત અને જાતમુચરકા રજૂ રાખવા.

3. સદરહુ ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૨૨, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ : ૨૨/૦૪/૨૦૨૬

(મોહંમદમકસુદ મોહંમદઈકબાલ શેખ)
૧૬માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
રાજકોટ.
(UIC-GJ01294